RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર


NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 190* Date: 01.05.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અમદાવાદ સહિત રાજ્યભરમાં કમોસમી વરસાદ, હજુ પણ ત્રણથી ચાર રહેશે આવુ જ વાતાવરણ



અમદાવાદ: રાજ્યમાં ઉનાળાની શરૂઆત થતા ગરમીને બદલે વરસાદે દસ્તક દીધી છે. જી હા, રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બનને કારણે ઉનાળામાં ગરમીને બદલે વરસાદ પડી રહ્યો છે. અંબાલાલ પટેલ અને હવામાન વિભાગે આગાહી કરી હતી તે મુજબ છેલ્લા બેથી ત્રણ દિવસથી રાજ્યના વિવિધ વિસ્તારમાં કમોસમી વરસાદના ઝાપટા પડી રહ્યા છે.આજે એટલે કે, ૩૦ એપ્રિલના દિવસે પણ રાજ્યમાં બેવડી ઋતુનું પ્રમાણ જોવા નોંધાયુ છે. બપોર સુધી સૂરજનો પ્રકોપ જોવા મળ્યો હતો અને સાંજના ૪ વાગ્યની આસપાસ અમદાવાદ સહિત રાજ્યના અનેક જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. અમદાવાદમાં સાંજે ૬ વાગ્યની આસપાસ વરસાદી ઝાપટુ પણ પડ્યુ હતુ. અમદાવાદના એસ.જી હાઈવે, પ્રહલાદનગર, સિંધુ ભવનરોડ, જજીસ બંગ્લોઝ, ઈક્કમટેક્સ, લાલદરવાજા સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદની અસર સામાન્ય જનજીવન પર જોવા મળી રહી છે.છેલ્લા પાંચ દિવસથી કચ્છમાં વરસાદ પડી રહ્યો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં પણ વરસાદે માઝા મૂકી છે. રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાગ અને કચ્છમાં વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે અમરેલી, રાજુલા , બબરીધાર સહિતના વિસ્તારમાં ૩ ઈંચથી વધુ કમોસમી વરસાદ નોંધાયો છે. ૩ ઈંચથી વધુ વરસાદને કારણે બાબરીયાધારની ઘીયળ નદીમાં પુર આવ્યુ હતુ, જેના કારણે એક ટ્રક તણાઈ ગઈ હતી. ટ્રકમાંસવાર ૫ માણસોનું જીઆરડીના જવાનોએ રેસ્કયુ કર્યુ હતુ.સુરત જિલ્લાના વાતાવરણમાં સવારથી જ પલટો જોવા મળ્યો હતો. સુરત જિલ્લાના કામરેજમાં સવારથી વાદળછાયુ વાતવરણ જોવા મળ્યુ હતુ અને ત્યારબાદ વરસાદ તૂટી પડ્યો હતો. જ્યારે બીજી બાજુ કામરેજની સાથે સાથે વલસાડ અને તાપીમાં પણ વરસાદ પડતા ઠંડક પ્રસરી હતી. સુરત જિલ્લાની સાથે સાથે ગીરી મથક સાપુતારામાં વરસાદ પડ્યો હતો. સાપુતારાના સુબીર તાલુકામાં વરસાદ નોંધાયો હતો. વરસાદને કારણે સાપુતારામાં અલહાદક વાતાવરણ જોવા મળ્યુ હતુ.કમોસમી વરસાદને કારણે રાજ્યભરના ખેડૂતો ચિંતિત બન્યા છે. ખેડૂતોને તલ, બાજરો, જુવાર સહિતના ઉનાળુ પાકોમાં નુકસાન જવાની ભીતિ છે. કેરીની સિઝનમાં કમોસમી વરસાદ થતા અનેક ખેડૂતો ચિંતિત જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી કમોસમી વરસાદને કારણે કેરીના પાકમાં પુષ્કળ પ્રમાણ નુક્સાન જોવા મળ્યુ રહ્યું છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજયમાં માવઠાનો માર યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં ૫ દિવસ વરસાદી વાતાવરણ યથાવત રહેશે. રાજ્યમાં પાંચ દિવસ પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસશે.

## વડતાલધામ અને સીવીએમ યુનિવર્સિટીએ કેનેડાની સેટ કંપની સાથે MOU કર્યા : વૈશ્વિક સંશોધનો થશે




ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી, સેટ કેનેડા અને શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ વચ્ચે તારીખ ૨૯.૦૪.૨૦૨૩ ના રોજ CVM યુનિવર્સિટી ના બોર્ડ રૂમ માં પ્રોજેક્ટ 'અક્ષરભુવન' અંતર્ગત MOU હસ્તાક્ષર થયા હતા. MOU માં CVM યુનિવર્સિટી તરફથી પ્રમુખ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલે અને શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ તરફથી કોઠારી ડૉ સંતવલ્લભ સ્વામી એ હસ્તાક્ષર કર્યા હતા. આ MOU CVM યુનિવર્સિટી ની ઘટક કોલેજ ના વિધાર્થીઓ ને ઉજળી તકો પુરી પાડશે. આ MOU અંતર્ગત વિધાર્થીઓ 'અક્ષરભુવન'ની સ્થળ મુલાકાત થકી નવી કન્સ્ટ્રકશન ટેક્નોલોજી, નવી કન્સ્ટ્રકશન ટેક્નોલોજી માં ઉપયોગ માં લેવાતી મશીનરી, મટીરીયલ્સ ટેક્નોલોજી જેવી વિવિધ આધુનિક ટેક્નોલોજી નો લાભ લઇ શકશે. નવી મટીરીયલ્સ ટેક્નોલોજી અંતર્ગત વેસ્ટ મટીરીયલ્સમાં થી બેસ્ટ મટીરીયલ્સ બનાવવાની ટેક્નિક પણ શીખી શકશે.

આ MOU અંતર્ગત ઘટક કોલેજ ના વિધાર્થીઓ અને પ્રોફેસર ને ઇન્ટર્નશિપ, રિસર્ચ, તજજ્ઞો ના મંતવ્યો અને અનુભવ, સેમિનાર, ટેસ્ટિંગ અને કન્સલ્ટન્સી નો પણ લાભ મળશે. શૈક્ષણિક અને કન્સલ્ટન્સી પ્રોજેક્ટ્સના ભાગ રૂપે હેરિટેજ સંરક્ષણ અને પુનઃસ્થાપન સંબંધિત પ્રોજેક્ટ્સ ને પણ વેગ મળશે. આ કાર્યક્રમ માં CVM યુનિવર્સિટી ના પ્રમુખ પ્રમુખ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલ, માનદ મંત્રી શ્રી મેહુલભાઈ પટેલ, CVM યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડૉ હિમાંશુ સોની, SMAID કોલેજ ના ડાઈરેક્ટર શ્રી નીરવ હિરપરા, સેટ કેનેડા ના શ્રી સ્નેહલભાઈ પટેલ, વિવિધ ઘટક કોલેજ ના આચાર્યો, શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ના કોઠારી ડૉ સંતવલ્લભ સ્વામી, પૂજય અમૃતવલ્લભ સ્વામી, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, નિકિત પટેલ ઉપસ્તિથ રહ્યા હતા. CVM યુનિવર્સિટી ના પ્રમુખ પ્રમુખ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલે સૌનો આભાર માન્યો હતો અને પ્રોવોસ્ટ ડૉ હિમાંશુ સોની ને આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## સીએમઓના નામે અને ગિફ્ટ સિટીના પ્રેસિડન્ટ તરીકે રોફ મારતા ઠગ વિરાજ પટેલનો કઈ રીતે ભાંડો ફૂટ્યો?



અમદાવાદ: પીએમઓના નામે રુઆબ મારનારા અમદાવાદના કિરણ પટેલની જમ્મુ-કાશ્મીરમાંથી ધરપકડ કરાઈ હતી. હવે તેની જેમ જ સીએમઓ અને ગિફ્ટ સિટીના પ્રેસિડન્ટ તરીકે રોફ મારતા વિરાજ પટેલ નામના ઠગની વડોદરા પોલીસે ધરપકડ કરી છે. આ ઠગ મુંબઈની એક મોડલ સાથે વડોદરામાં એક થિયેટરમાં ફિલ્મ જોવા ગયો હતો, એ દરમિયાન અન્ય પ્રેક્ષક સાથે બોલાચાલી થઈ હતી અને એ દરમિયાન કોઈએ પોલીસને બોલાવી લીધી હતી. પોલીસ વિરાજ અંગે તપાસ કરતા તેનો ભાંડો ફૂટી ગયો હતો. વડોદરા પોલીસે તેની સામે બોગસ દસ્તાવેજો બનાવી તેનો ઉપયોગ કરવાનો ગુનો નોંધ્યો છે. તો બીજી તરફ તેની સાથે જે મોડલ હતી તેણે વિરાજ સામે ગિફ્ટ સિટીની બ્રાન્ડ એમ્બેસડર બનાવી બળાત્કાર ગુજારવાની ફરિયાદ નોંધાવી છે.વિરાજ પટેલ મુંબઈની એક મોડલ સાથે વડોદરાની વિવાન્તા હોટલમાં રોકાયો હતો. શનિવારે રાત્રે તે આ મોડલ સાથે વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા પીવીઆરમાં ફિલ્મ જોવા ગયો હતો. આ દરમિયાન તેનો પ્રદીપ નાયર નામના શખસ સાથે ઝઘડો થયો હતો. પાછળની સીટમાંથી પગ વાગવા મામલે આ ઝઘડો થયો હતો. વિરોજે પોતે સીએમઓમાંથી આવતો હોવાનું કહી દમ મારી રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો. જેથી કોઈએ પોલીસને જાણ કરી દીધી હતી. ગોત્રી પોલીસે થિયેટરમાં પહોંચી વિરાજ, તેની સાથે આવેલી મોડલ અને જેની સાથે ઝઘડો થયો હતો તે શખસને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.પોલીસે વિરાજ પાસે તેનું આઈકાર્ડ માગ્યું હતું. વિરાજે આઈકાર્ડ જે બદલે આધાર કાર્ડ આપ્યું હતું. પરંતુ તેમાં અટક લખેલી ન હતી. જોકે, તેની પાસેથી મળી આવેલા પાન કાર્ડમાં તેનું નામ વિરાજ અશ્વિનભાઈ પટેલ લખેલું હતું. ગોત્રી પોલીસે ઉચ્ચ અધિકારીઓને વિરાજ અંગે જાણ કરતા રવિવારે સીએમઓમાં તેના અંગે તપાસ કરવામાં આવી હતી. જેમાં સીએમઓ કે ગિફ્ટ સિટીમાં વિરાજ નામની કોઈ વ્યક્તિ કામ કરતી ન હોવાનું સામે આવ્યું હતું. જેથી ગોત્રી પોલીસે વિરાજ પટેલ (રહે. પૃથ્વી હોમ્સ, સત્યમેવ રોયલ્સ પાસે, સરગાસણ, ગાંધીનગર) સામે બનાવટી દસ્તાવેજો બનાવી તેનો ઉપયોગ કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.બીજી તરફ વિરાજ સાથે મુંબઈની જે મોડલ હતી, તેણે પણ તેની સામે બળાત્કાર અને ૩.૫૦ લાખ રૂપિયા પડાવી લીધાની ફરિયાદ નોંધાવી છે. મુંબઈની મોડલે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, એક કોઓર્ડિનેટર મારફતે તેની પ્રોફાઈલ મંગાવાઈ હતી અને વિરાજે પટેલે આ પ્રોફાઈલ પાસ કરીને તેને ગિફ્ટ સિટીની બ્રાન્ડ એમ્બેસડર બનાવી હતી. જેના પેટે તેને મુંબઈના લોખંડવાલા કોમ્પ્લેક્ષમાં રૂ. ૨.૫૦ કરોડનો ફ્લેટ, મહિને ૫૦ હજારનો પગાર અને જે દિવસે શૂટિંગ થાય ત્યારે એક દિવસના ૧.૫૦ લાખ રૂપિયા આપવાની વાત કરાઈ હતી.મોડલે જણાવ્યું કે, આ વાત નક્કી થયા પછી વિરાજ અને તે મુંબઈમાં ફ્લેટ જોઈ આવ્યા હતા. મોડેલે આરોપ લગાવ્યો છે કે, વિરાજ અને તે ફ્લેટ જોઈને આવ્યા પછી તે તેને એરપોર્ટ પર ડ્રોપ કરવા ગઈ હતી. જ્યાં ફ્લાઈટ મોડી હોવાનું કહી રાત્રે ત્રણ વાગ્યા સુધી તેને રોકી રાખી હતી અને તેના એટીએમ કાર્ડથી ૨૭ હજાર રૂપિયા પણ ઉપાડ્યા હતા.તે પછી વિરાજે પોતે પ્રાઈવેટ જેટમાં માલદીવ્સ જઈ રહ્યો હોવાનું કહી તેને સાથે આવવાની ઓફર કરી હતી. જોકે, માલદીવ્સના નામે તેને ગોવા લઈ ગયો હતો. તેણે કહ્યું હતું કે, ગોવાથી તે પ્રાઈવેટ જેટની પરવાનગી મળવાની છે. ગોવા પહોંચ્યા બાદ તેઓ એક હોટલમાં રોકાયા હતા. ત્યાં વિરાજે જેટની પરવાનગી મળતી નથી તેમ કહી તેને ત્રણ દિવસ રાખી હતી અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઉપરાંત મોડલે આરોપ લગાવ્યો છે કે, વિરાજે તેને વડોદરાની હોટલમાં ચાર દિવસ રાખી હતી અને ત્યાં પણ તેનું શારીરિક શોષણ કર્યું હતું, તેમજ તેની પાસેના એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને રૂ. ૩.૫૦ લાખ પડાવી લીધા હતા.ઠગ વિરાજ પટેલ મુંબઈની મોડલ સાથે વડોદરાની હોટલમાં ચાર દિવસથી રોકાયેલો હતો. તેણે પોલીસને આડાપાટે ચડાવવા માટે આ મોડલ અંગે ખોટી સ્ટોરી ઘડી કાઢી હતી. તેણે પૂછપરછમાં પોલીસને જણાવ્યું હતું કે, તે ગિફ્ટ સિટીનો પ્રેસિડન્ટ છે અને તેની સાથેની મોડલને ગિફ્ટ સિટીની બ્રાન્ડ એમ્બેસડર બનાવી છે. તેણે કહ્યું હતું કે, આ મોડલને ગિફ્ટ સિટીની એમ્બેસડર બનાવી હોવાથી ઉર્વશી સોલંકી અને તેના માણસો મારી નાખવાની ધમકી આપી રહ્યા હોવાથી તેઓ વડોદરામાં રોકાયા છે.

## દુબઈથી દાણચારી કરી ૪.૫૫ કરોડનું સોનું લઈને આવેલા ચાર સુરતીઓ ઝડપાયા




સુરત:વિદેશમાંથી ગેરકાયદેસર રીતે સોનુ લઈને આવતા અનેક પ્રવાસીઓ એરપોર્ટ પર પકડાઈ જતા હોય છે. આ પ્રવાસીઓ વિવિધ તરકીબો વાપરીને ભારતમાં ગેરકાયદેસર રીતે સોનું ઘુસડવાનો પ્રયત્ન કરે છે પરંતુ એરપોર્ટ પર ફરજ બજાવતો કસ્ટમ વિભાગનો સ્ટાફ આ લોકોની મેલી મુરાદને પૂરી થવા દેતા નથી અને કડક ચેકિંગ કરીને આ દાણચોરોના મનસૂબા પર પાણી ફેરવી દેતો હોય છે. ત્યારે સુરતમાં ચાર દાણચોરોને SOGએ ઝડપી પાડ્યા છે. પોલીસને દાણચોરોને લઈને બાતમી મળી હતી અને બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને ચેકિંગ દરમિયાન આ દાણચોરો ૪.૫૫ કરોડના સોના સાથે ઝડપાઈ ગયા હતા.મળતી માહિતી મુજબ, સુરત SOGને અગાઉથી બાતમી મળી હતી કે, સુરતમાં સોનાની દાણચોરી ચાલી રહી છે. કસ્ટ્મ ડ્યૂટી ન ભરવી પડે તે માટે આ દાણચોરો દુબઈથી સોનુ આ ગેંગ લાવે છે. બાતમી મળતા જ પોલીસ એક્ટિવ થઈ હતી અને છેલ્લા પંદર દિવસથી વિવિધ વિસ્તારમાં પોલીસ વોચ રાખી રહી હતી. આ દરમિયાન પોલીસે એસકે નગર ચોકડી બ્રિજની નીચે વાહન ચેકિંગ દરમિયાન આ દાણચોર ટોળકીના ચાર સભ્યોને ઝડપી પાડ્યા હતા. આ ઝડપાયેલા ચારેય દાણચોરોનું નામ ફેનીલ, નીરવ, ઉમેશ, સાવન છે. SOGએ આ દાણચોરો પાસેથી ૪.૫૫ કરોડનુ સોનુ જપ્ત કર્યું છે.સમગ્ર મામલે સુરત JCP શરદ સિંઘવે દાણચોરોની મોડસ ઓપરેન્ડી અંગે જણાવ્યુ હતુ કે, આ દાણચોરોની ગેંગ દુબઈથી સોનુ લાવવા માટે એક ટ્રિપના ૨૫ હજાર રૂપિયા તથા હોટેલમાં રહેવાવની અને આવવા-જવાની ટિકિટ કરાવી આપ હતી. આ ગેંગના સભ્યો દુબઈ જતા અને સોનાની ખરીદી કરતા હતા. સોનાની ખરીદી કર્યા બાદ આ દાણચોરો સોનાનો પાવડર બનાવી નાંખતા હતા અને તેમાં કેમિક્લ મિક્સ કરીને તેની પેસ્ટ બનાવતા હતા. સોનાની પેસ્ટ બની જાય ત્યાર બાદ તેને સેલોટેપ મારીને જેલ ફોમમાં પેડ બનાવી નાંખતા હતા અને આ પેડને અંડરગારમેન્ટન્ટ્સમાં સોનુ મુકી દેતા હતા. છેલ્લા ૬ મહિનાથી આ ગેંગ એક્ટિવ હતી અને આ ગેંગના સભ્યો એક મહિનામાં ૫થી ૬ ટ્રીપ મારતી હતી. કસ્ટમડ્યૂટી ન ભરવી પડે તે માટે દુબઈથી સોનું લાવતા હતા.આ દાણચોરો સોનુ અંડરગારમેન્ટ અને શુઝમાં છૂપાવી લાવ્યા હતા અને દુબઈથી સુરત આવ્યા હતા. સુરત એરપોર્ટ પર ઉતરીને તેઓ સુરત ઈમિગ્રેશન સિક્યુરિટીમાંથી પણ પસાર થઈ ગયા હતા અને સુરત એરપોર્ટથી વરાછા જઈ રહ્યા હતા ત્યારે જીંપ્ના ચેકિંગમાં ઝડપાઈ ગયા હતા. પોલીસે આ ચારેય યુવકની ધરપકડ કરી છે અને આ સોનુ કોને મંગાવ્યુ હતુ અને કોને આપવાનુ હતુ તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. આરોપીઓ કોના ઈશારે કામ કરી રહ્યા હતા તે અંગે પણ પોલીસ આરોપીઓની પૂછપરછ કરી રહી છે.

## અમદાવાદમાં ૩૦ સ્કૂલ સંચાલકો પાસે ખંડણી માંગનાર તોડબાજ પત્રકાર દારુ પીધેલી હાલતમાં ઝડપાયો




અમદાવાદ: અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતો આશિષ કંજારીયા નામનો વ્યક્તિ મણિનગરમાં આવેલી એડ્યુનોવા સાયન્સ સ્કૂલના સંચાલકો સામે રૂપિયા ૧૦ લાખની ખંડણી માગી હતી. આશિષે સ્કૂલના નામે ઉંૅ કરી હતી અને સ્કૂલના ટ્રસ્ટીઓ પાસેથી બળજબરી પૂર્વક પૈસા પડાવ્યા હતા. આશિષે સ્કૂલના ટ્રસ્ટી હરેન્દ્રસિંગ મલિક, પોરકો મુદલિયાર અને સ્કૂલના કર્મચારી લાલભાઈ મુધવાને વોટ્સએપ કોલ અને મેસેજ કરીને ધમકી આપી હતી. સ્કૂલના સંચાલકે આરોપી આશિષને રૂપિયા ૨૫ની ખંડણી પણ આપી હતી. પરંતુ આશિષ સ્કૂલના સંચાલકો પાસેથી ખંડણી સ્વરૂપે રૂપિયા ૧૦ લાખની માંગણી કરતો હતો અને સ્કૂલના સંચાલકોને સતત ધમકી આપતો હતો. આખરે સ્કૂલના સંચાલકે આશિષની ધમકીથી કંટાળીને આશિષ વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. ક્રાઈમ બ્રાંચે આશિષ કંજારિયાની ધરપકડ કરી છે. જ્યારે ક્રાઈમ બ્રાંચે આશિષની ધરપકડ કરી ત્યારે તે નશામાં ધૂત હતો. જેથી ક્રાઈમબ્રાંચે દારુ પીવા અંગેનો પણ ગુનો દાખલ કર્યો છે.પોલીસ તપાસમાં જાણવા મળ્યુ છે કે, આરોપી આશિષ સ્કૂલોના ટ્રસ્ટી પાસેથી રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ જે શીટ હોય તેમાંથી ૬ શીટ માંગતો હતો. જો શીટ ન આપે તો એક શીટ દીઠ ૩ લાખ રૂપિયાની માંગણી કરતો હતો. જો સ્કૂલના સંચાલકો પૈસા ન આપે તો યુટ્યૂબના વીડિયો થકી તથા વોટ્સએપ કોલ કરીને ધામધમકી આપતો હતો. તપાસમાં એ પણ ખુલ્યુ છે કે, રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ અનેક વિદ્યાર્થીઓને પૈસાથી પ્રવેશ આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યુ છે. આરોપીએ પૈસા લઈને કેટલા વિદ્યર્થીઓને પ્રવેશ આપાવ્યો છે તે અંગેની પોલીસ તપાસ કરી રહી છે અને અન્ય કોઈ આ કેસમાં સંડોવાયેલા છે કે નહીં તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે આશિષના ઘર અને ઓફિસમાં સર્ચ કરીને બેક્ક અકાઉન્ટ તથા મિલકત અંગેની પણ તપાસ શરૂ કરી છે. આ ઠગ પત્રકાર આશિષ કંજારિયાએ અન્ય કોઈ શાળાના સંચાલકોને આ રીતે ખંડણી માંગી છે કે કેમ તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી લાભ માટે માનસ પર નિશાનો

*ઉત્તર પ્રદેશની જેમ જ બિહારની સમાજવાદી રાજનીતિમાં અત્યાર સુધી એવી કોઈ હકાલપટ્ટી નથી થઈ, પરંતુ રાજનીતિની આંચ પર રામચરિતમાનસના ચરિત્ર હનન કરવાની શરૂઆત જ બિહારથી થઈ. રસપ્રદ એ છે કે રાજ્યના શિક્ષણ મંત્રી ચંદ્રશેખરે રામચરિતમાનસ પર સવાલ ઉઠાવ્યા, પરંતુ રાજદ નેતા ચંદ્રશેખરનો અત્યાર સુધી રાજકીય રૂપે વાળ પણ વાંકો થયો નથી. ચાહે મૌર્ય હોય કે ચંદ્રશેખર, તેમને તેમના રાજકીય નેતૃત્વ તરફથી આશ્રય અને સમર્થન મળી રહ્યા છે. તેમને રોકવાની કોશિશ નથી થઈ રહી. કેટલાક મહિના પહેલાં બિહારમાં થયેલ વિધાનસભા પેટાચૂંટણીમાં પ્રચાર દરમ્યાન રાજદ નેતા અને ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ સવર્ણ વોટરોને રીઝવવાની કોશિશ કરતા દેખાયા હતા. ત્યારે એવું લાગ્યું હતું કે રાજદ પોતાની પારંપરિક વોટબેંક પછાત, યાદવ અને મુસ્લિમની બહાર પણ પોતાનો આધાર વધારવાની કોશિશમાં છે. ઉત્તર પ્રદેશની પાછલી વિધાનસભા ચૂંટણી દરમ્યાન પણ બ્રાહ્મણોને લઈને જે પ્રકારની રાજકીય સહાનુભૂતિ દેખાડવાની કોશિશ વિપક્ષી જૂથથી થઈ હતી, ત્યારે પણ માનવામાં આવ્યું હતું કે સમાજવાદી રાજનીતિ પોતાના પારંપરિક વોટબેંકની સાથે જ સવર્ણ સમાજને પણ આકર્ષિત કરવાની દિશામાં કામ કરી રહી છે. જોકે સવર્ણ વર્ગ સંપૂર્ણ રીતે ભાજપ સાથે દેખાયો. કંઈક એવું જ બિહારમાં પણ દેખાઈ રહ્યું છે.*

*એવામાં એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે આખરે શું કારણ છે કે પછાત વર્ગમાં આધાર ધરાવતી સમાજવાદી રાજનીતિ રામચરિતમાનસ પર હુમલાને પોતાનું રાજકીય હથિયાર બનાવી રહી છે? ત્રણ દાયકા પહેલાં રામમંદિર આંદોલનના વિરોધનું કારણ જથ્થાબંધ મુસ્લિમ વોટ બેંક સાધવાનું હતું. તેમાં લાલુ અને મુલાયમ બંને સફળ રહ્યા. ત્યારથી તેમની જે મુસ્લિમ વોટબેંક બની છે, તે અત્યાર સુધી તેમની સાથે છે. હા, ત્યારે તેમની સાથે પછાત વર્ગના લોકો પણ હતા, જેનાથી તેમના માટે સત્તાની સીડી આસાન રહી, પરંતુ હવે પછાત વર્ગમાં વિભાજન થઈ ગયું છે. અતિ પછાત જાતિઓ હવે સમાજવાદી ધારા સાથે નથી ઊભી. તેની શરૂઆત બિહારમાં નીતિશ કુમારે પોતાના પહેલા કાર્યકાળમાં કરી. જ્યારે તેમણે દલિત અને પછાત જાતિઓમાં અતિ-દલિત અને અતિ-પછાત નામે રાજકીય વિભાજન કર્યું. ભારતની જે જાતિ સંરચના છે, તેમાં એક વર્ગની જાતિને એ જ વર્ગની બીજી જાતિ સાથે સદ્ભાવપૂર્ણ સંબંધો હોય તે જરૂરી નથી. એ જ કારણ છે કે પછાત અને દલિત વર્ગમાં વિભાજન થઈ ગયું. તેની સાથે જ અતિ-દલિત અને અતિ પછાત જાતિઓ ભાજપ તરફ ખેંચાતી ગઈ. સમાજવાદી રાજનીતિ તરફથી રામચરિતમાનસને લઈને જે સવાલ ઉઠાવાઈ રહ્યા છે, તે અસલમાં સમજી-વિચારેલી રણનીતિ છે. તેમનો મકસદ છે માનસ અને તુલસીને દલિત અને પછાત વિરોધી સાબિત કરવાનો. તેના દ્વારા સમાજવાદી રાજનીતિના હાલના દિગ્ગજોને લાગે છે કે સનાતન પરંપરામાં સૌથી વધુ શ્રદ્ધા સવર્ણ સમાજની છે. જો રામચરિતમાનસ અને તુલસી પર સવાલ ઉઠશે તો સવર્ણ વર્ગમાંથી પ્રતિક્રિયા આવશે. આ પ્રતિક્રિયા જેટલી તીવ્ર હશે એટલાજ પછાત અને દલિત સમાજને એક કરવામાં વધુ આસાની થશે. તેના દ્વારા પછાત અને દલિત વિભાજન ખતમ થશે. જો એવું થયું તો દલિત અને પછાત વર્ગ ફરી એક વખત તેમની વોટબેંક બની જશે. આ રીતે રામચરિતમાનસ પર ઉઠતા સવાલોના રાજકીય સંદર્ભનો એક છેડો આગામી લોકસભા ચૂંટણી સુધી જાય છે. જોકે લોકસભા ચૂંટણીમાં હવે લગભગ સવા વર્ષ જ બચ્યું છે, તેથી આવી તૈયારીઓ વધવાની છે.*

## અવિચળ ધ્રુવ તારો- ઉજીમા

આ દુનિયામાં મારી માથી વધુ કોઇ પરમ શ્રધ્ધેય કોઇ હોય તો તે ઉજીમા છે. મેં દાદી, કાકી, મામી, નાની, ફઇ , માશીનું વાત્સલ્ય મેળવ્યું નથી. દાદી મારા જન્મ પહેલાં સ્વધામ સિધાવેલા. નાનીને અમારા કરતાં તેમના પુત્રોના પુત્રો માટે અપાર વાત્સલ્ય હતું.મામી મારા મોટા બાપાની દીકરી એટલે બેન થાય. પિતાજી અને મામાને છત્રીસનો આંકડો હતો. જેનો ભોગ અમે બનેલા.

ઉજીમા એટલે ઓલદોલ ઓલિયો જીવ . અમારે કોઇ લોહીનું સગપણ નહીં. અમારી નાતના પણ નહીં.ઉજીમા અને અમારા ઘર અમરેલીના બટારવાડીમાં.

ઉજીમા કડીયા કુંભાર. તેમના પતિનું નામ વેલજીબાપા. બેને માણસો સીધી લીટીના માણસો. બંનેને કોઇ સંતાન નહીં. બંને સવારે કામ પર નીકળી જતાં. બંને જણ સાંજે કામ પરથી પરત આવે.

ઉજીમાને મારા પર નિતાંત પ્રેમ. અમારા ઘરથી પાંચ-છ ઘર મુકીને એમનું ઘર આવે. ઘરના આગળના ભાગે નાનકડી દુકાન જેવું કરેલું. સાબુ, બીડી, બાકસ, મોરસ, રૂપિયાના સિક્કા જેવા ચૂનાના ખાવાના દોકડાં, પીપર, લંબચોરસ આકારના કડક ટોસ્ટ વગેરે વેચતા.

ઉજીમા એટલે જીવતું જાગતું ભોળપણ. દુનિયાદારીની ગતાગમ નહીં. આખો દિવસ કાના-લાલાના ભજનો ગણગણે. કોઇ છોકરો દુકાને સાબુ લેવા આવે તો ત્રણ રૂપિયાના પાંચ સાબુ આપે. છોકરો દસની નોટ આપે તો ચાર રૂપિયા ત્રીસ પૈસા પાછા આપે. એ વખતે પાંચ, દસ, વીસ, પચ્ચીસ પૈસા, પચાસ પૈસા ચલણમાં હતા!! ) બેટા બે રૂપિયા છૂટા નથી. પછી લઇ જજે. વેલાબાપાને આ બધુ કહે. વેલાબાપા કપાળ કૂટીને કહે કે ડોબી તને હિસાબ કરતાં ક્યારે આવડશે ?? ઉજીમામાં કોઇ ફેરફાર થાય નહીં.

મારી માને પિયરનું અનહદ ખેંચાણ. બે દિવસ ચોરવાડ આંટો મારી આવું એમ કહીને જાય. બાપુજીને રસોઇ આવડે. મોટાવને પણ રસોઇ આવડે. એટલે ખાવારીવાનો વાંધો ન આવે. અમારો બોલેલ વ્હાઇટ હાઉસ કે ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટથી કમ નહીં! થોડું ફળિયું . આવી લકઝરી ફ્લેટમાં રહેનારને કયાં મળે??

પછી ઓસરી.ઓસરી શબ્દ જ ભૂલાતો જાય છે. પછી રૂમ આવે. મલ્ટીપરપઝ ઉપયોગ. પછી રસોડું આવે. મકાનમાં નળિયા હતા. રૂમમાં લાકડાનો મેડો કરેલો. જેમાં નકામો માલસામાન પડી રહે. રૂમની ચાર દિવાલે ઠામ વાસણ મુકવા કાંધી કે અભેરાઇ હતી. રૂમના બારણાંના હેન્ડલ, નકુચા પર પગ રાખી હાથથી અભરાઈનાં ટેકો લઇ બારણા પર પહોંચોં ત્યાંથી અભેરાઇ પર પહોંચો. અભેરાઇથી માળિયાનું ઉભું લાકડું પકડીને માળિયામાં જવાય. એડવોન્ચક કે ટ્રેકિંગ જેવું લાગે. નળિયાંને લીધે ઠંડક લાગે. જોકે, એ વખતે અમે ભૂતના ભાઇ જેવા હતાકેમ કહીએ તો ભૂતને ખોટું નહીં લાગે! જાઓ ભૂત કસમ!! ચોરના માથાની જેમ ધોમ ધખતા તાપમાં રમતા, રખડતા. હવે સુંવાળપ આવી છે. જરાતરાં તાપમાં કાયા કરમાઇ જાય છે!!

જોશને જોશમાં હું માળિયે ચડી ગયો. કલાક માળિયામાં રમ્યો હઇશ. પાણીની તરસ લાગી કે થયું કે નીચે ઊતરીએ!!

ઊંધા મોંઢે માળિયેથી અભેરાઇ પર સફળતાથી લેન્ડિંગ કર્યું. ગણતરીમાં ભૂલ હશે કે ગફલત થઇ અભેરાઈથી નીચે ઉતરવા દરમિયાન અવકાશયાનની માફક ધડામ દઇને નીચે પટકાયો. મેં રડારોળ કરી. કોઇ દોડીને ઉજીમાને બરકી આવ્યું. ઉજીમાએ મને ખોળામાં બેસાડયો. મારી ડોકી અંદર જતી રહેલી. ઉજીમા દેશી સર્જન હતા. મારી ડોકી આમતેમ ઘુમાવી ઉંકાનીચી કરી ખટાકો બોલાવ્યો. ડોકી સરખી થઇ ગઇ. મને સિંગતેલ અને પાણીનું મિશ્રણ પિવડાવ્યું. ઉજીમાએ તેમની દુકાનોથી પીપરમેન્ટ દોકડા મંગાવી મારા ખોબામાં ઠાલવી દીધા. સાડલાના છેડેથી મારા નાકમાંથી વહેતી ગંગા જમના સાફ કરી. મને બાથમાં લઇ બચી કરી.

ઉજીમા મને કાનો કહેતા હતા. એક વાર નવરાત્રિમાં મને કાનો બનાવીને સ્ટેજ પર બેસાડેલો. મંડપના કાપડના કાણામાંથી સળી ભરાવીને મને વિચલિત કરવાનું અસુરકર્મ મારા મોટાભાઇ કરતા હતા!!પછીના દિવસે પરીક્ષા હતી.

નવેમ્બર ૧૯૭૫ માં અમે અમરેલી છોડ્યું. પછી ઉજીમાના પંડમાં માતાજી આવેલા હતા અને બટારવાડીમાં ખોડિયારમાનું શિખરબંધ મંદિરનું નિર્માણ થયેલ, જેમાં ઉજીમા માતાજી બની પૂજાઅર્ચના કરે છે તેવું સાંભળેલ હતું પછી પ્રત્યક્ષ સંપર્ક થયેલો નથી. સ્થુળ દેહ જીવિત છે કે તે પણ ખબર નથી!!

ઉજમાનું જીવનકવન જોતાં જયાં પણ હશે ત્યા અવિચળ ધ્રુવ તારાની જેમ પરમસ્થાન પર બિરાજમાન હશે!!!ઉજીમાને કોટિ કોટિ વંદન!!

**ભરત વૈષ્ણવ**
૪.૫.૨૦૨૨.
**સત્ય ઘટના પર આધારિત )**

# તો કદાચ સુરત દેશની આર્થિક રાજધાની હોત

૧૮૬ વરસ પહેલાં સુરતમાં જયારે ધમધમતું હતું સુરતની જાહોજલાલી હતી એ વખતે માછલીપીઠમાં રહેતા દીનશા મંચેર શાના મકાનમાં આગ લાગી હતી આ બનાવ ૨૪ એપ્રિલના દિવસે બન્યો હતો આ આગે વિકરાળ વિનાશક સ્વરૂપ ધારણ કરી લેતા આખું સુરત ત્રણ દિવસ સુધી આગની જવાળામાં લપેટાઈ ગયું હતું ત્રણ દિવસ ચાલેલી આ આગ ૧૬ કિલોમીટરના વિસ્તારમાં ફેલાઈ હતી એક અંદાજ મુજબ એ વખતે આશરે ૫૦૦ થી વધુ વ્યક્તિઓના મોત અને ૯૫૦૦ થી વધુ મકાનો બળીને ભસ્મીભૂત થઈ ગયા હતા.

આજથી ૧૮૬ વરસ પહેલાં ૨૪ એપ્રિલ ૧૮૩૭ ના દિવસની આગ સુરતની જગ્યાએ મુંબઈને ભારતની આર્થિક રાજધાની તરીકે સ્થાપવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો ૧૮૩૭ માં લાગેલી આ આગને સુરતના ઈતિહાસમાં લાગેલી સૌથી વિનાશકારી આગ તરીકે યાદ કરવામાં આવે છે

સુરત તે વખતે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કબ્જામાં હતું તેમજ ભારતના પશ્ચિમ કિનારા અને બ્રિટિશ શાસનનું મુખ્ય બંદર હતું

તારીખ ૨૪ એપ્રિલ ૧૮૩૭ ના દિવસે સાંજે ૫ વાગ્યા હતા તે વખતે માછલીપીઠ વિસ્તારમાં એક પારસી પરિવારને ત્યાં ઉકળતા ડામરનું વાસણ ઢોળાઈ જતા વિકરાળ આગ લાગી હતી ઘર અસલ લાકડાનું હતું તેથી આગની જવાળાઓ ખુબ ઝડપથી ફેલાઈ હતી

ઉપરથી સુરતીઓને કમનસીબે આ આગ ઓલવવા પડોસીઓએ પોતાના કુવામાંથી પાણી આપવાની ના પાડતા ગીચ વસ્તી ધરાવતા આ એરિયામાં આગે વિનાશક સ્વરૂપ ધારણ કરી લીધું લાકડાના મકાનો અને તેના લટકતા ઝરૂખાઓને કારણે આ આગ ઝડપથી ફેલાતી ગઈ .

ભારે પવનને કારણે થોડા જ સમયમાં આ આગ ત્રણ કિલોમીટરના વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી રાતે આગના પ્રકાશથી ઝળહળતા ધુમાડાના ગોટેગોટા તીસ કિલોમીટરના અંતરેથી પણ દેખાતા હતા .

બીજે દિવસે ભારે પવનને કારણે આગ અન્ય દિશામાં પણ ફેલાઈ ગઈ બપોરે ૨ વાગે આગ તેની ચરમસીમા પર હતી પછી આગનું વિકરાળ સ્વરૂપ ઘટવા લાગ્યું હતું અને ૨૬ એપ્રિલના રોજ સવારે આ આગ ઓલવાઈ ગઈ આગના કારણે સુરત અને સુરતીઓને બહુ મોટું નુકસાન થયું.

આ વિનાશક આગમાં થયેલા નુકસાનનો તો અંદાજ પણ લગાવી શકાય એમ નથી પણ આશરે ૯૩૭૩ મકાનો નાશ પામ્યા હતા જયારે આશરે ૫૦૦ થી વધુ વ્યક્તિઓના એ સમયે મુત્યુ થયા હતા

આ આગ પછી ચાર મહિના બાદ ઓગસ્ટ ૧૮૩૭ માં સુરતમાં ભારે પુર આવ્યું

આમ ઉપરાછાપરી આપત્તિઓને કારણે પારસી જૈન હિંદુ વેપારીઓ સુરતથી મુંબઈ સ્થળતાર કરી ગયા જેને કારણે સુરતને પાછળ છોડી દઈ મુંબઈ ભારતના પશ્ચિમ કિનારાનું મુખ્ય બંદર બન્યું હતું અને આજે ભારતની આર્થિક ગતિવિધિનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે.

આમ એમ કહી શકાય કે જો આ આગ ના લાગી હોત તો આજે સુરત મુંબઈની જગ્યા પર સમગ્ર ભારતનું આર્થિક કેન્દ્ર હોત .

ખેર આજે સુરત તાપી માતાના આશીર્વાદ અને સુરતીઓની ખેલદિલી ઉદારતા કઈ કરી છૂટવાની ભાવનાને કારણે વિશ્વભરમાં નામના ધરાવે છે સુરત અને સુરતીઓ હજુ વધુને વધુ ઉન્નતિ પ્રગતિ કરે આગળ ને આગળ વધતું રહે વિશ્વમાં ૧ નંબરનું શહેર બની રહે એવી શુભકામનાઓ પાઠવીએ.

**અબ્બાસભાઈ કૌકાવાલા.સુરત**

## રાજસ્થાન કેબિનેટમાં ફેરબદલનો કોઈ વિચાર નથીઃ રંધાવા

(એ.આર.એલ),જયપુર,તા.૩૦

કોંગ્રેસના રાજસ્થાન પ્રભારી સુખજિન્દર સિંઘ રંધાવાએ શનિવારે જણાવ્યું હતું કે જો તમામ ક્વાર્ટરમાંથી માંગ આવે તો રાજ્ય મંત્રીમંડળમાં ફેરબદલ કરવામાં આવી શકે છે, પરંતુ હાલમાં આવી કોઈ યોજના નથી.

રાજ્ય કેબિનેટમાં ફેરબદલના પ્રશ્ન પર, તેમણે મીડિયાને કહ્યું, ×જો દરેક કહેશે કે અમે (કેબિનેટમાં ફેરબદલ) કરીશું, પરંતુ મને નથી લાગતું કે અમારી પાસે અત્યારે એવો કોઈ વિચાર છે.× અગાઉ રંધાવાએ અહીં મંત્રીઓ સાથે અલગ-અલગ બેઠક કરી હતી. તેમણે કહ્યું કે તેઓ મંત્રીઓ પાસેથી ફીડબેક લઈ રહ્યા છે અને તેમને પાર્ટી સંગઠનને મજબૂત કરવા કહી રહ્યા છે.

### દાહક બને

માનવી જો પ્રેમનો વાહક બને,
શસ્ત્ર જગમાં ના પછી ઘાતક બને.
જીવવું મુશ્કેલ લાગે છે પછી,
આંખનો એ ઘાવ જ્યાં મારક બને.
સુખ જો વેચાય, લેનારા ઘણાં,
કોઈ પણ ના દર્દનો ગ્રાહક બને.
જણ જે પોતાને જરા વાંચી શકે,
એ જ સાચો ભીતરી સાધક બને.
દિલ અને મુખનાં જુદાં જ્યાં ભાવ છે,
સ્પર્શ કોમળ પણ પછી દાહક બને.

નિરંજન શાહ 'નીર'(ગાંધીનગર )

### અદ્વૈત

બે-ચાર પર્ણો લઇ ઉભેલું વૃક્ષ શેં હરખાય છે ?
પાકટ થયું છે એ છતાં જીવન હજુ સિંચાય છે..!!

બેખૌફ છે,બેબાક છે,આ વૃક્ષ તો જીદ્દી ઘણું,
સુક્કી થયેલી ડાળ પર કૂંપળ નવી દેખાય છે..!!

પંખી તણા સંગીતથી જે ગૂંજતી રહેતી સદા,
સૂની પડેલી ડાળિયો ખંડેરસમ વરતાય છે..!!

શીળી હતી છાયા અને શીળા પવન જયાં ખેલતાં,
ઉના હવે ત્યાં વાયરા ચોમેરથી ફૂંકાય છે ..!!

બેસતાં આરામથી,કલરવ હંમેશા ગુંજતો,
પારેવડાં આજે હવે રસ્તા બદલતા જાય છે..!!

**હિમાંશુ પટેલ 'અદ્વૈત'(અમદાવાદ )**

# સીએમ શિવરાજ, વીડી શર્મા અને મંત્રી વિરુદ્ધ ૧૦ કરોડનો માનહાનિનો કેસ

(એ.આર.એલ),જબલપુર,તા.૩૦

રાજયસભાના સભ્ય વિવેક તંખાએ મધ્યપ્રદેશના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ વીડી શર્મા અને મંત્રી ભૂપેન્દ્ર સિંહ વિરુદ્ધ ૧૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યો છે. જેની સુનાવણી આજે જબલપુર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં થઈ હતી. રાજ્યસભાના સભ્ય વિવેક ટંખાનો રેકોર્ડ કોર્ટમાં નોંધાયો. સુનાવણીમાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને વિવેક ટંખા કોર્ટ પહોંચ્યા અને તેમના નિવેદનો નોંધ્યા.

રાજયસભાના સભ્ય વિવેક ટંઢાએ કહ્યું કે મારી સાથે ખોટું થયું છે, એટલે જ હું કોર્ટમાં આવ્યો છું, મને ન્યાય મળવો જોઈએ. મેં સુપ્રીમ કોર્ટમાં જે પિટિશન દાખલ કરી છે તેમાં મેં ઓબીસી અનામત કે ઓબીસી સંબંધિત કંઈપણ કહ્યું નથી. મેં એટલું જ કહ્યું કે પંચાયતની ચૂંટણી બંધારણીય પ્રક્રિયા હેઠળ થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે વિશેષ કેસ હેઠળ મારી સુનાવણી કરી હતી. સુનાવણી દરમિયાન એજી મધ્યપ્રદેશ, સોલિસિટર જનરલ, સરકાર અને ચૂંટણી પંચ પણ હાજર હતા.

આ કેસને ૧૭ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ અંતિમ સુનાવણી માટે રાખવામાં આવ્યો હતો. આ મામલામાં કોર્ટે મધ્યપ્રદેશ સરકાર અને ચૂંટણી પંચને કહ્યું કે તમે ગેરકાયદેસર રીતે ચૂંટણી કરાવીને શું હાંસલ કરશો? કોર્ટે કહ્યું કે જો અનામત ગેરકાયદેસર જણાશે તો તેને ૧૭ જાન્યુઆરીએ રદ કરી દેવામાં આવશે. જેના કારણે સરકારના નાણાંનો વ્યય થશે. જે બાદ કોર્ટે એમપી સરકાર અને ચૂંટણી પંચને પૂછ્યું કે મહારાષ્ટ્ર વિરુદ્ધ સરકારને લઈને લેવાયેલા નિર્ણય અંગે એમપી સરકારે શું કર્યું? જેના માટે એમપી સરકાર પાસે કોઈ જવાબ નહોતો. જે બાદ કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે કોર્ટના નિર્ણય સાથે રમત ન કરો. મહારાષ્ટ્રના મામલામાં કોર્ટે જે ટ્રિપલ ટેસ્ટ કહ્યું હતું તે પંચાયત ચૂંટણીમાં આખા દેશમાં લાગુ થશે.

આ કાર્યવાહી દરમિયાન સરકાર, ચૂંટણી પંચ, એજી મધ્યપ્રદેશ, સોલિસિટર જનરલ બધા હાજર હતા. બધાએ જોયું અને સાંભળ્યું કે મારી અરજીને સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે કોઈ લેવાદેવા નથી. પરંતુ સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સાંસદ સરકાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી, સરકાર પાસે કહેવા માટે કંઈ નહોતું તેથી મારી વિરુદ્ધ ષડયંત્ર રચવામાં આવ્યું હતું. આ ષડયંત્રમાં સીએમ શિવરાજ, ભૂપેન્દ્ર શર્મા, વીડી શર્મા સામેલ હતા. સુપ્રીમ કોર્ટના નિર્ણયના બીજા જ દિવસે, તમામ સોશિયલ મીડિયા, અખબારો અને ટીવી ચેનલો પરના ફ્રન્ટ ન્યૂઝ પર મારા પર આરોપ મૂકવામાં આવ્યો કે તેમના કારણે એમપી સરકાર ઓબીસી અનામત આપવામાં નિષ્ફળ રહી છે. આખા મધ્યપ્રદેશમાં મારી છબી ખરડાઈ છે. આ માટે યોગ્ય અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

# બેરોજગારી અને દેવા અંગે વિપક્ષનું ગણિત નબળું છે - મુખ્યમંત્રી મનોહર લાલ

(એ.આર.એલ),ચંદીગઢ,તા.૩૦

હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલે કહ્યું કે, છેલ્લા સાડા આઠ વર્ષથી વર્તમાન રાજ્ય સરકાર જનસેવાના ઈરાદા સાથે જનતાના કલ્યાણ માટે કામ કરી રહી છે. અમે બતાવ્યું છે કે રાજનેતા પણ શાસનમાં રહીને જનસેવા કરી શકે છે, આ અમારા કાર્યકાળની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

તેમણે કહ્યું કે હરિયાણાના ૩.૫ કરોડ લોકો મારો પરિવાર છે અને અમે લોકોની સમસ્યાઓ હલ કરવા અને ભ્રષ્ટાચાર ઘટાડવા માટે સિસ્ટમમાં ફેરફાર કરવા માટે ઘણા કામ કર્યા છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે પરિવાર પેહચાન પત્ર બનાવ્યું છે, જેના દ્વારા જનતાને ઘરે બેઠા તમામ સુવિધાઓ મળી રહી છે. તેથી પીપીપીની વાસ્તવિક વ્યાખ્યા ગરીબ લોકોનું કાયમી રક્ષણ છે. પીપીપી દ્વારા ડિસેમ્બર મહિનામાં ૧૨.૫ લાખ નવા રેશનકાર્ડ બનાવવામાં આવ્યા છે. ૨ લાખ લોકોએ ફરિયાદ કરી હતી કે તેમના ખોટા રેશનકાર્ડ કપાયા છે. અમે સર્વે કરાવ્યો છે અને લગભગ ૧.૨૫ લાખ રેશનકાર્ડ ફરીથી બનાવવામાં આવ્યા છે. વિપક્ષને આડે હાથ લેતા મુખ્યમંત્રીએ કહ્યું કે વિપક્ષના નેતાઓ કહેતા હતા કે જ્યારે તેમની સરકાર સત્તામાં આવશે ત્યારે તેઓ પોર્ટલ બંધ કરી દેશે અને મેરિટ લિસ્ટ નાબૂદ કરી દેશે. પરંતુ વાસ્તવમાં અમારી સરકારની આ નીતિઓનો લાભ સામાન્ય લોકોને મળી રહ્યો છે. તેથી જ હવે વિપક્ષના નેતાઓએ પણ કહેવાનું શરૂ કરી દીધું છે કે જે પોર્ટલ સારી રીતે ચાલી રહ્યા છે તેને તેઓ આમ જ ચાલવા દેશે. તેથી જ જનતા બધું સમજી રહી છે. અગાઉની સરકારોના કામો જનતા જાણે છે. તેમણે કહ્યું કે વિપક્ષે જૂની પેન્શન યોજના બંધ કરી દીધી હતી, તો શા માટે કરી અને આજે તેઓ જૂની પેન્શન લાગુ કરવાના નારા લગાવી રહ્યા છે. કેન્દ્ર સરકારે નવી પેન્શન સ્કીમને લઈને એક કમિટીની રચના કરી છે, જયારે કમિટિનો નિર્ણય આવશે ત્યારે આગળ વિચારણા કરશે. વારંવાર શ્વેતપત્ર બહાર પાડવાના વિપક્ષના નિવેદનનો જવાબ આપતાં મુખ્યમંત્રીએ કહ્યું કે શ્વેતપત્ર ક્યારેય તેનું કામ કરવા માટે લાવવામાં આવ્યું નથી. અન્ય પક્ષો સામે તેમની કાર્યપદ્ધતિ વિરુદ્ધ શ્વેતપત્ર રજૂ કરવામાં આવે છે. અમારું બજેટ દસ્તાવેજ અમારું શ્વેતપત્ર છે. રાજ્યમાં બેરોજગારી અને સરકારના દેવાના આંકડા પર વિપક્ષ પર નિશાન સાધતા મુખ્યમંત્રીએ કહ્યું કે વિપક્ષનું ગણિત ઘણું નબળું છે. તેમણે કહ્યું કે તેઓએ કહ્યું કે કોઈપણ સરકાર જીએસડીપીના ૨૫ ટકા સુધી ઉધાર લઈ શકે છે અને અમે આ મર્યાદામાં છીએ. કોંગ્રેસના સમયે રાજ્યની જીએસડીપી ૩ લાખ કરોડ હતી, જે મુજબ તેઓએ લોન લીધી હતી. પરંતુ આજે રાજ્યનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે અને અમારા પ્રયાસોને કારણે આજે જીએસડીપી ૧૦ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. અમે આ GSDP પ્રમાણે લોન લઈ રહ્યા છીએ. આપણું દેવું મર્યાદામાં છે. મનોહર લાલે કહ્યું કે વિપક્ષ બેરોજગારી માટે ખાનગી એજન્સીના આંકડા બતાવે છે, જેના આંકડા સાચા નથી. આ સંસ્થા ક્યારેક ૨૪, ક્યારેક ૩૪ અને ક્યારેક ૩૭ ટકા બેરોજગારી દર્શાવે છે. તેના આંકડા પર વિશ્વાસ કરી શકાય તેમ નથી. તેમણે કહ્યું કે પરિવારના ઓળખ કાર્ડ પર દરેક પરિવારનો ડેટા છે અને જેઓ બેરોજગાર છે તેઓએ આ ડેટામાં સ્વ-ઘોષિત કર્યું છે. આ હિસાબે રાજ્યમાં લગભગ ૫-૬ ટકા બેરોજગારી છે. બેરોજગારીનો દર ઘટાડવા માટે તેને સતત રોજગારીની તકો પૂરી પાડવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો પણ શિક્ષણથી વંચિત ન રહી જાય અને બાળમજૂરી તરફ વળે નહીં તે માટે સરકાર ડ્રોપઆઉટ રેટ ઘટાડવા માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે વિપક્ષ માત્ર વિરોધ કરવા માટે અમારો વિરોધ કરી રહ્યો છે. આજે જનતા બધું જ જાણે છે. જનતાને ખાતરી થઈ ગઈ કે તેણે જે પણ આક્ષેપો કર્યા તે ખોટા છે.

# ભાજપનું સપનું રહેશે, ૫ વર્ષ સરકાર ચાલશેઃ મુકેશ અગ્નિહોત્રી

(એ.આર.એલ),શિમલા,તા.૩૦

નાયબ મુખ્યમંત્રી મુકેશ અગ્નીહોત્રીએ કહ્યું કે રાજયમાં ભાજપના નેતાઓ મુંગેરી લાલના સપના જોઈ રહ્યા છે. તેમણે કહ્યું કે ધારાસભ્ય અને પૂર્વ સ્પીકર વિપિન સિંહ પરમાર દ્વારા શિમલા સ્ઝ ચૂંટણીમાં જીતનો દાવો સપનું જ રહેશે. તેમણે કહ્યું કે ભૂતપૂર્વ વિધાનસભા અધ્યક્ષે જાણવું જોઈએ કે રાજ્યમાં કોંગ્રેસની સંપૂર્ણ બહુમતી સાથે મજબૂત સરકાર છે, જે સફળતાપૂર્વક તેના પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે. ડેપ્યુટી સીએમએ કહ્યું કે ભાજપના નેતાઓએ જનતાનો અભિપ્રાય સ્વીકારવો જોઈએ અને એ હકીકત સ્વીકારવી જોઈએ કે તેઓ સત્તામાંથી બહાર ફેંકાઈ ગયા છે. નાયબ મુખ્યપ્રધાને કહ્યું કે, ભાજપના નેતાઓ હજુ સુધી વિધાનસભાની ચૂંટણીમાં હાર પચાવી શક્યા નથી, તેથી તેમના નેતાઓ તથ્ય વગરના નિવેદનો કરીને જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ જે કહે છે તે પુરી કરે છે જ્યારે ભાજપ માત્ર જુઠ્ઠ બોલવામાં માહેર છે. અગ્નિહોત્રીએ કહ્યું કે ભાજપ રાજયમાં હારની હેટ્રિક લગાવવા જઈ રહી છે. તેમણે કહ્યું કે ભાજપને એ પણ સમજાઈ ગયું છે કે ચાર પેટાચૂંટણીઓ પછી વિધાનસભા ચૂંટણીમાં હાર, શિમલા મહાનગરપાલિકા પણ તેના હાથમાંથી નીકળી ગઈ છે. તેમણે કહ્યું કે જનતા ભાજપના નેતાઓની વાત સાંભળવા પણ તૈયાર નથી.

### કિસ્મત

ભીંતના રંગની જેમ
ઉખડવા માંડે છે.

ભૂત પ્રેતની જેમ,
ધુણવા માંડે છે.

દિવાલ સસલા જેમ,
સુણવા માંડે છે.

ખાટલો ખસની જેમ,
ખણવા માંડે છે.

કિસ્મત કિતાબની જેમ,
ભણવા લાગે છે.

**ભરત વૈષ્ણવ**

### સવાર

શમણાંઓની ચાદર માંહેથી,
ડોકિયું કરી રહી સવાર;
પરોઢની આહલાદક આભા,
લાવે તાજગીની ભરમાર.
સૂર્યકિરણરૂપી ચૂંદડી ઓઢી,
મંદ પવનની લહેરકી સમી;
પંખીઓના કલરવથી જાણે,
રૂમઝુમ પગલે આવતી સવાર.
સુંદર સ્વપ્નો ને આશાઓની,
રોજ લાગે લાંબી કતાર;
પૂર્ણતાના આરે લાવવા એને,
નવી પ્રેરણા લાવતી સવાર.
ભૂતકાળની ભૂલોમાંથી શીખી,
વર્તમાનને સુધારતી વારંવાર;
ભાવિની ધૂંધળી છબીને નિશદિન,
આત્મવિશ્વાસથી અજવાળતી સવાર.

**ડૉ.ત્વિષા એસ.ભટ્ટ "મનસ્વી" (આણંદ )**

ઓઢતો પાલવ તારોને શીતળ વાયરો વાતો,
માં હવે ક્યાં પહેલા જેવો તાપ રોજ પડતો.

મધુરી એ ટાઢક હું આજ પણ વાગોળતો,
માં તારા વિનાનો તડકો બહું આકરો લાગતો.

રસથાળનું અદકેરૂ જમણ યાદ છે હજુય,
માં પ્રેમ તારા હાથનો ક્યાંય નથી એવો મળતો.

હલાવતી વિંઝણો તું ને કેવોય વાતો મધુરો,
માં પવન એ અનેરો હવે નથી ક્યાંય વાતો.

જોવું છું રાહ આજેય ઊઠે હાથ વહાલનો,
માં છેડે લૂછતી મો પાલવે હવે નથી મળતો.

રખડી ભટકી આવતો જયારે હું ઘર પાછો,
માં ફરતો માથે હાથ તારો ક્યાંય નથી મળતો.

**(Aashu) અમરીશ શુક્લ**

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




રચના

માનવીનો જન્મ થતાં જ છઠ્ઠે દિવસે વિધાતા તેના લેખ લખે છે . આ ઉપરાંત દરેક ઘરમાં વડીલો પોતાના બાળકની જન્મકુંડળી બનાવે છે. જન્મકુંડળીના પ્રથમ સ્થાનમાં જે રાશિ હોય તે પ્રમાણે તેનું નામકરણ કરવામાં આવે છે અને બાકીના બાર ખાનામાં જુદા જુદા ગ્રહો ની ગોઠવણી થતી હોતી હોય છે.

રાશિ ,ગ્રહ ,નક્ષત્રો ,વગેરે ની અસર માનવજીવન ઉપર પડે છે અને માનવી સમય સમયે પોતાનું ભવિષ્ય જોવડાવી અને પોતાના જીવનમાં શું બનવાનું છે તે માટે જ્યોતિષ્યો પાસે માર્ગદર્શન મેળવે છે.

માનવ જીવનમાં સારી દશા આવે છે ત્યારે તે સમૃદ્ધ થઈ જાય છે અને જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે એમ કહેવામાં આવે છે કે દસ દસ વર્ષના ગાળે આવું પરિવર્તન થતું હોય છે.

જ્યારે અવદશા થાય ત્યારે માનવજીવન મૂંઝવણ માં મુકાતું હોય છે અને તેમાંથી રસ્તા શોધવા માટે અનેક પ્રકારના માર્ગો લોકો અપનાવે છે . જ્યોતિષોની સલાહલે અને તેનું નિવારણ કરે છે. વ્રત કરે છે. નંગ પહેરે છે .ભગવાનમાં શ્રદ્ધા રાખે છે અને પોતા ઉપર આવેલી અવદશામાંથી નીકળવા કોશિશ કરે છે.

માનવજીવન નિરંતર ચાલતું જ રહે છે દશા તો ચક્ર ની જેમ ફર્યા રાખે છે. આવા સમયે દરેક વ્યક્તિ પોતાના જીવનમાં જો સ્થિરતા અને શાંતબુદ્ધિથી વિચાર કરી અને જીવનના પગલાં લે તો તેને કોઈ મૂંઝવણ થતી નથી.

જીવન પરિવર્તનશીલ છે હંમેશા આ પરિવર્તનને અનુકૂળ થવું એ માનવ જીવન માટે ઉપયોગી છે.

---

દશા-અવદશા માટે કોણ જવાબદાર

સામાન્ય રીતે દરેક વ્યક્તિ પોતાની દશા કે અવદશા વિશે પોતાના ભાગ્ય અને નિયતિને જવાબદાર ઠેરવતો હોય છે. મનુષ્ય જન્મે અને એના જન્માક્ષર તૈયાર થાય ત્યારથી તેના ગ્રહો અને તેને અનુરૂપ જીવનમાં તેની દશા-અવદશા વિશે ભવિષ્ય ભાગવામાં આવે. ગ્રહોની ગતિ, નક્ષત્રોની પરિસ્થિતિ અને જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરીઓ જન્મ લેનાર વ્યક્તિની આવનાર વર્ષો વિશેની કુંડળી તૈયાર કરી દે છે. શ્રદ્ધા અને વિશ્વાસના જોરે મનુષ્ય આ ભવિષ્ય વાણી સાથે આસ્થાથી જોડાય છે. જ્યોતિષશાસ્ત્રનો વૈજ્ઞાનિક પાયો નિર્વિવાદ છે અને તેનું ખંડન કરવાનો કોઈ ઈરાદો નથી પરંતુ મનુષ્યની દશા કે અવદશાનું નિર્માણ માત્ર ગ્રહો અને નક્ષત્રોની પરિસ્થિતિ ન જ કરી શકે. મનુષ્યનો વિચારપૂર્વકનો સકારાત્મક અભિગમ ચોક્કસપણે મનુષ્યની દશા-અવદશાને સાનુકૂળ બનાવી શકે છે જે તાર્કિક રીતે આપણે સૌએ સ્વીકારવું જોઈએ.

મનુષ્યની દશા સારી કે ખરાબ કોઈ પણ હોઈ શકે. દશા સારી હોય ત્યારે વ્યક્તિ સુખમાં હિલોળા લેતો હોય, આર્થિક રીતે બે પાંદડે થાય અને પ્રસન્ન જીવન વ્યતીત કરતો હોય. જ્યારે વ્યક્તિની ખરાબ દશા ચાલતી હોય ત્યારે તે દુઃખની ગર્તામાં ધકેલાતો હોય, આર્થિક રીતે બેહાલ થતો જતો હોય અને સતત માનસિક વ્યગ્રતા અનુભવતો હોય. આ આપણી સૌની એક સામાન્ય સમજ છે. સારી દશાના અવસરે આપણે ઈશ્વરનો પાડ માનીએ છીએ અને તેની પૂજા અર્ચના કરીએ છીએ. અવદશાના સમયે આપણે આપણા ભાગ્યને કોસીએ છીએ અને ઈશ્વરને પોતાને મળેલી તકલીફો વિશે ફરિયાદ કરીએ છીએ. અવદશામાં થી બહાર આવવા માટે મંત્ર-જાપ અને બાધા-આખડીના અસંખ્ય ઉપાય કરીએ છીએ. આમાં આપણી શ્રદ્ધા અને સ્વાર્થ બંને સહભાગી બને છે.

શ્રદ્ધા અને માન્યતાના પડળોને દૂર કરીને તાર્કિક રીતે વિચાર કરીએ તો શું આપણી દશા કે અવદશાને આ બધા ઉપચારોથી નિયંત્રિત કરી શકાય? મારું એવું માનવું છે કે સારી કે ખરાબ કોઈ પણ દશા એ જીવનમાં મનુષ્યની અમુક ચોક્કસ પરિસ્થિતિઓને આધીન હોય છે. આમાં મનુષ્યના પોતાના કર્મ અને નિયતિના યોગદાનને નકારી શકાય નહીં પરંતુ સારી કે ખરાબ દશાના સમયગાળા દરમિયાન મનુષ્યનું વાણી, વર્તન, વિચારશૈલી અને મનનો સકારાત્મક અભિગમ જે તે પરિસ્થિતિને હલ કરવામાં અને સંતુલન જાળવવામાં મદદરૂપ થાય છે. મનુષ્યની ક્રિયાશીલતા, માનસિક સક્રિયતા અને સકારાત્મકતા કોઈપણ પરિસ્થિતિમાં તેના જીવનની દિશા નક્કી કરે છે. માટે જ એવું કહી શકાય કે આપણા જીવનમાં ઉદ્ભવતી દશા કે અવદશા માટે માત્ર નિયતિને દોષ ન દેતાં મહદ્અંશે વ્યક્તિની પોતાની વિચારશૈલી, અભિગમ અને કર્મ જવાબદાર હોય છે.

**નિખિલ કિનારીવાળા, અમદાવાદ**

---

કર્મનુ ફળ , દશા - અવદશા

સંસાર ચક્રમાં દશા - અવદશા એ જીવન ધોરણ અને કર્મનો એક ભાગ છે, જે સમય, સંજોગો અને કર્મના ફળ મુજબ દરેકના જીવનમાં દશા અવદશા બદલતી રહે છે. માણસ દશા સારી હોય ત્યારે ઘણા લોકો પોતાના જીવનની રીત ભાત, કુળ રિવાજો, ભૂતકાળની સ્થિતિ, આ બધુ વિસરી જતો હોય છે અને શ્રુષ્ટિ પર સર્વ સતાધીશ માત્ર પોતે એક જ આવો અહમ ઘર કરી જતો હોય છે. જેના પરિણામ સ્વરૂપે માણસ , માણસથી જ દૂર થતો જાય છે. એ બધુ સારા સમયમાં દેખાતુ નથી સમયનુ ચક્ર હમેશા ફરતુ રહે છે, સંજોગો જ્યારે કરવટ બદલે અને અવદશા ચાલુ થાય એ પણ કર્મનો એક સિદ્ધાંત જ છે, કે ----વાવો એવુ લણો ---- કરો એવુ ભરો ---- કર અને જો ---- આ બધી કહેવત આપણને વર્તમાન સમયમાં જોવા પણ મળે છે અને અનુભૂતિ પણ થાય છે. સારી દશા માં કરેલા નરસા કાર્યોનુ ફળ એટલે અવદશા, માટે દરેક વ્યક્તિ એ પોતાના સારા સમય અહમથી દૂર રહી બને એટલા સારા કાર્યો માટે પ્રયત્નો કરવા જોઈએ, અને સારા સમયમાં સારા અને સાચા કાર્યો દ્વારા અવદશાથી દૂર રહી શકીએ એવુ મારું ચોક્કસ અનુમાન છે.

**રાજેશભાઇ વ્યાસ "રાજ "**

# કોંગ્રેસ પર વરસ્યા PM મોદી, કહ્યું-સાપ મહાદેવના ગળાનું ઘરેણું, જનતા મારી ભગવાન



કોલાર: પીએમ મોદી પોતાના કર્ણાટકના પ્રવાસે છે. બીજા દિવસે કોલારમાં ચૂંટણી સભાને સંબોધી તી. ત્યારે આજે ચન્નપટ્ટના અને બેલૂરમાં પણ જનસંપર્ક રેલીઓનું આયોજન છે. આ રેલીઓ બાદ પીએમ મોદી સાંજે મૈસૂરમાં રોડ શો કરશે. કર્ણટકમાં ૧૦ મેના રોજ વિધાનસભા ચૂંટણી માટે મતદાન યોજાશે. આ ચૂંટણીનું પરિણામ આગામી ૧૩ મેના રોજ આવશે. ત્યારે પીએમ મોદીએ જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, આજના જમાવડા બાદ કોંગ્રેસ અને જેડીએસની ઉંઘ ઉડી જશે. બંને પક્ષ વિકાસની પ્રક્રિયામાં મોટા અડચણ છે. જનતાએ તેમને ક્લિન બોલ્ડ કરી દીધા છે. આપણે કર્ણાટકના લોકોને કોંગ્રેસ અને જેડીએસની ભ્રષ્ટ સરકારથી બચાવવાનું છે.પીએમ મોદીએ કહ્યું કે, અસ્થિર સરકારોની પાસે વિઝન ન હોઈ શકે. કોંગ્રેસના શાસનકાળમાં દુનિયા ભારત પાસેથી આશા રાખતી નહોતી, પરંતુ જેવી ભાજપ સત્તામાં આવી કે દુનિયા હવે ભારતને એક ઉજ્જવળ સ્થાન તરીકે જોવા લાગી છે. કર્ણાટકે ભાજપને ચૂંટવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં સતત વિકાસ માટે ડબલ એન્જિનની સરકાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. કોંગ્રેસ અને જેડીએસ શાસન દરમિયાન વિકાસની ગતિ ધીમી પડી ગઈ છે. કર્ણાટકને વિકાસ માટે ડબલ એન્જિનની સરકારની જરુર છે. કોંગ્રેસનું નબળું અને જૂનુ એન્જિન રાજ્યની પ્રગતિ માટે ક્યારેય કામ આવી શકે નહીં.કોંગ્રેસને ચીડ એટલા માટે છે કારણ કે અમે ભ્રષ્ટાચાર સામે લડી રહ્યાં છીએ. તેઓ ધમકી આપે છે અને ગાળો પણ દે છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ પાસે ટોપિક ઝેરી સાપ છે. તેઓ મારી સરખામણી સાપ સાતે કરી રહ્યાં છે. પરંતુ અમને આશા છે કે, ૧૦ મેના રોજ કર્ણાટકની જનતા તેમને મત આપીને જવાબ આપશે. સાપ એ ભગવાન શિવના ગળાનું ઘરેણું છે અને જનતા મારા ભગવાન છે. ભલે કોંગ્રેસ અને જેડીએસ ટીમ બનાવીને રમે, કર્ણાટકની જનતા તેમને સત્તામાં આવવાની તક નહીં આપે. કર્ણાટકની આ ચૂંટણી માત્ર આગમી પાંચ વર્ષ માટે એમએલએ, મંત્રી કે સીએમ બનાવવા માટેની ચૂંટણી નથી, પરંતુ આગામી ૨૫ વર્ષમાં વિકસિત ભારતના રોડમેપના પાયાને સશક્ત કરવાની છે. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસનો ઈતિહાસ રહ્યો છે કે તેમણે કરેલા એક પણ વાયદા પૂરા કર્યા નથી. અધૂરી ગેરંટી જ તેમનો રેકોર્ડ છે. તેઓએ કર્ણાટકની જનતાને ખોટા વાયદા કર્યા અને છેતરપિંડી આચરી છે. ભાજપની સરકારે તેમના અનેક વાયદાઓ પૂરાં કર્યાછે.પીએમ મોદીને જનતાને સંબોધતા કહ્યું કે, કોંગ્રેસની વાર્તા તો ૮૫ ટકા કમિશન લેવાની રહી છે. લોકોના મનમાં તેમના પ્રત્યે વિશ્વાસ નથી. એક પીએમ કહેતા હતા કે, ૧ રુપિયામાંથી માત્ર ૧૫ જ પૈસા લોકો પાસે પહોંચે છે. કોંગ્રેસ તો હંમેશાથી જ તુષ્ટીકરણનું રાજકારણ કર્યું છે. પરંતુ ભાજપ દરેક લોકોના સંતુષ્ટિની વાત કરે છે. કોંગ્રેસે ખેડૂતો માટે કંઈ પણ કર્યુ નથી. કોંગ્રેસે ખેડૂતોને વાયદા કર્યા પણ કંઈ આપ્યું નહીં. આ ભાજપ જ છે કે જેમણે ખેડૂતોના ખાતામાં રુપિયા અઢી લાખ કરોડ આપ્યા. કોંગ્રેસે હંમેશા ગરીબોની ઉપેક્ષા કરી છે. જ્યારે ભાજપ ખેડૂતોના વિકાસ માટે સતત કામ કરી રહ્યું છે.

# મન કી બાત નો ૧૦૦ મો એપિસોડ

માન્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ તેમના આ પહેલાના એપિસોડ દ્વારા થયેલ ક્રાંતિના કેટલાક વાહકો સાથે કરેલ વાતની ને વાગોળતા જે તે ક્રાંતિ આણનાર નાગરિકો અને પરિવર્તન કર્તાઓ સાથે વાત કરી તેમની પ્રગતિ અંગે વિગતો મેળવી. પ્રધાનમંત્રી જીએ સેલ્ફી વિથ ડોટર ના વાહક એવા સુનીલજી સાથે પ્રત્યક્ષ વાત કરી ને જે તે અભિયાનની સફળતા વિશે ચર્ચા કરી તેમને અભિનંદન પાઠવ્યા. માન. પ્રધાનમંત્રીજીએ મન કી બાત ને સર્વ સમાવેશી ભારતના વિકાસની પારાશીશી ગણાવતા કહ્યું કે ભારતમાં પરિવર્તન લાવવા માટે મન કી બાત એક મહત્વનું માધ્યમ સાબિત થયું છે. ગુજરાતના શિક્ષણ અને શિક્ષણના ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે ગુણોત્સવ અને શાળા પ્રવેશના અભિયાનનો ને યાદ કરી તેમણે સમગ્ર ભારતમાં તેના પ્રસારને યાદ કર્યો. માનનીય પ્રધાનમંત્રીજીએ જ્યારે ગુજરાતથી પ્રધાનમંત્રી બનીને દિલ્હી આવ્યા ત્યારે એમની આસપાસના સુરક્ષા ઘેરા અને પ્રતિકૂળતાઓને ધ્યાનમાં રાખીને સમગ્ર ભારત સાથે જોડાવા માટે મન કી બાત કાર્યક્રમ શરૂ કર્યો હોવાનું જણાવ્યું હતું અને આજે તેની સફળતા બદલ એમણે ભારતના દરેક નાગરિકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા. ડિજિટલ લાઈબ્રેરી અને કોવિડ કાળમાં જે કંઈ પણ સમસ્યા હતી તેને નિવારવા માટે મન કી બાત ની સાર્થકતા યાદ કરી તેમજ માન. પ્રધાનમંત્રીશ્રીએ ભારતના સરહદના અને દૂર દૂરના અન્ય તમામ વિસ્તારોમાં મન કી બાત વડે સંભવ થયેલ પરિવર્તનની હકારત્મક સફળતઓ યાદ કરી. માન્ય પ્રધાનમંત્રીએ અગાઉના એક મન કી બાત કાર્યક્રમમાં સ્ટોરી ટેલરો (વાર્તા કહેતા લોકો) ને યાદ કરી તેમના દ્વારા પ્રસ્તુત કથાઓના માધ્યમથી જાગૃતિ અને પરિવર્તન લાવવા માટે થયેલ સફળ પ્રયાસને યાદ કર્યો. ઉપનિષદના મંત્ર 'ચરૈવેતિ, ચરૈવેતિ' ને યાદ કરતા તેમણે કહ્યું ચાલતા રહો. જીવન આગળ વધવાનું નામ છે. જીવન દરેક પરિસ્થિતિ અને પરિસ્થિતિમાં આગળ વધવાનું નામ છે. જીવનમાં નિરાશ અને નિરાશ થઈને લક્ષ્ય પ્રાપ્ત કરી શકાતું નથી. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી કહ્યું કે મન કી બાત કાર્યક્રમ હવે એક પરંપરા ની સ્વરૂપ લઈ ચૂક્યો છે અને એ પરંપરા દેશનો ધબકાર છે તેનું આપણને સૌકોઈને ગૌરવ છે.મન કી બાતને ક્ષેત્રીય અને વિદેશી એમ અનેક ભાષાઓમાં અનુવાદ કરતા જૂથને તેમણે અભિનંદન આપ્યા, જેના વડે મન કી બાત કોઈપણ જાતના કોમર્શિયલ બ્રેક વિના પ્રસારિત કરતા દૂરદર્શન સહિતના તમામ માધ્યમોને અભિનંદન આપ્યા. ભારતના લોકો અને ભારતમાં આસ્થા રાખતા લોકો મન કી બાત સાથે જોડાયા એક અભૂતપૂર્વ બાબત છે.

## ૧લીમે ગુજરાત સ્થાપના દિવસ - મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશ

# અમૃતકાળના પ્રથમ ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીશ્રી : શ્રીભૂપેન્દ્રભાઈપટેલ

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે ૧લી મે, ગુજરાત સ્થાપના દિવસે ગુજરાત સહિત વિશ્વભરના ગુજરાતીઓને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ગૌરવદિવસની શુભેચ્છાઓપાઠવતા જણાવ્યું કે, ૧લી મે આપણા ગુજરાતનો ગૌરવવંતો સ્થાપના દિવસ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણા વડાપ્રધાન અને વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે અમૃતકાળની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે અમૃતકાળનો આ પહેલો ગુજરાત ગૌરવ દિવસ વિશેષ મહત્વ ધરાવતો ગૌરવ દિવસ છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ૧મે ૧૯૬૦ના દિવસે ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું અને ગુજરાતીઓએ પોતાના ખમીર અને ઝમીર ઝળકાવીને 'ડગલું ભર્યું કે ના હટવું'ની કવિ નર્મદની પંક્તિઓ ચરિતાર્થ કરી વિકાસ માર્ગે મક્કમતાથી ડગ માંડયા છે. ધરતીકંપનો માર હોય, પૂરનો પ્રકોપ હોય કે કોરોના મહામારી હોય ગુજરાતી બાંધવોએ દરેક આફતનો મક્કમતાથી મૂકાબલો કર્યો છે. એમાંય પાછલા બે દાયકામાં તો આદરણીય વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈની પ્રેરણા અને માર્ગદર્શનમાં આપણે વિકાસની નવી પરિભાષા આપી છે એમ તેમણે ઉમેર્યું હતું. વિકાસકેવોહોય, વિકાસની રાજનીતિ શું હોય એ ગુજરાતે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકાસના રોલ મોડેલ રાજ્ય તરીકે દેશ અને દુનિયાને બતાવ્યું હોવાનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતના વિકાસની આ યાત્રા સતત અવિરત આગળ ધપાવવા આદરણીય શ્રીનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અપાર વિશ્વાસ અને ભરોસો મૂકીને જનતાજનાર્દને પ્રચંડ જનાદેશ આપ્યો છે. એ બદલ અમે આપસૌના આ પ્રેમનો નતમસ્તકે ઋણ સ્વીકાર કરીએ છીએ.

# મે મહિનામાં થવાનો છે મોટો ફેરફાર, USમાં ઘૂસવા મેક્સિકો બોર્ડર પર ઉમટશે લોકોનું ઘોડાપૂર!

અમદાવાદઃ અમેરિકા-મેક્સિકોની બોર્ડર પર આગામી દિવસોમાં ઈમિગ્રન્ટ્સનું ઘોડાપૂર ઉમટે તેવી શક્યતા સેવાઈ રહી છે. મે મહિનામાં કોરોનાકાળમાં લાગુ કરવામાં આવેલા નિયંત્રણો સમાપ્ત થઈ રહ્યા હોવાથી વધુને વધુ લોકો બોર્ડર ક્રોસ કરવા આવશે તેવી ગણતરી સાથે અમેરિકાએ અત્યારથી જ તેને પહોંચી વળવા તૈયારી શરૂ કરી દીધી છે. અમેરિકા ગેરકાયદે રીતે ઘૂસેલા ઈમિગ્રન્ટ્સના ડિપોર્ટેશનની કામગીરી ઝડપી બનાવવા પણ તૈયારી કરી રહ્યું છે. બોર્ડર ક્રોસ કરતા પકડાયેલા લોકોને જે જગ્યાઓ પર રાખવામાં આવે છે તેની કેપેસિટી વધારવા માટે પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. એક અહેવાલ અનુસાર, ટેક્સાસના અલ પાસોમાં આવેલા ફોર્ટ બ્લીસ મિલિટરી બેસમાં પણ માઈગ્રન્ટ્સને પ્રોસેસ કરવાની કામગીરી શરૂ કરાઈ શકે છે. અમેરિકાએ ૨૦૨૦માં કોરોનાકાળ વખતે ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરીને આવતા લોકો પર સખ્ત નિયંત્રણો મૂક્યા હતા. જેના હેઠળ અમુક ચોક્કસ દેશોમાંથી આવેલા લોકો જો મેક્સિકો બોર્ડર ક્રોસ કરતા પકડાય તો તેમને મેક્સિકો પરત મોકલી દેવાતા હતા. આ કાયદાને ટાઈટલ ૪૨ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ૧૧ મે ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ જશે. અમેરિકામાં જાન્યુઆરી ૨૦૨૧માં સરકાર બદલાયા બાદ ઈમિગ્રેશન પોલિસીમાં ઢીલ મૂકવામાં આવી હતી. જેના કારણે ગેરકાયદે રીતે અમેરિકામાં દાખલ થનારા લોકોની સંખ્યામાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. બાઈડન ૨૦૨૪માં ફરી ચૂંટણી લડવાનો નિર્ધાર જાહેર કરી ચૂક્યા છે તેવામાં તેમની સરકાર સરહદ પર ઉમટી રહેલા ઈમિગ્રન્ટ્સના ઘોડાપૂરને મેનેજ કરવામાં સંઘર્ષ કરી રહી છે, અને આ બાબતે બાઈડન વિરોધ પક્ષોના નિશાના પર પણ છે.યુનાઈટેડ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના એક્ટિંગ કમિશનર ટ્રોય મિલરે તાજેતરમાં જ સરકારને જણાવ્યું હતું કે અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસનારા લોકોનો રોજનો આંકડો ૧૦ હજારને વટાવી શકે છે. તેમણે યુનાઈટેડ નેશન્સના રિપોર્ટને ટાંકીને એમ પણ કહ્યું હતું કે હાલ ૬.૫૦ લાખ ઈમિગ્રન્ટ્સ મેક્સિકોમાં છે, જેઓ અમેરિકામાં ઘૂસવાની રાહ જોઈને બેઠા છે. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પેટ્રોલ હાલ રોજના છ હજાર લોકોને ડિટેઈન કરવાની ક્ષમતા ધરાવે છે, અને તે પોતાની કેપેસિટીને સાડા આઠ હજાર સુધી પહોંચાડવા તૈયારી કરી રહી છે. ૨૦૨૨માં અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસનારા લોકોની સંખ્યા રેકોર્ડ તોડ સ્તરે પહોંચતા સરકારે હજારો ઈમિગ્રન્ટ્સને ટેક્સાસ અને એરિઝોનામાં છોડી મૂક્યા હતા, જેનાથી આ રાજ્યોના રિપબ્લિકન ગવર્નર્સ છંછેડાયા હતા અને તેમણે ઈમિગ્રન્ટ્સને બસોમાં બેસાડીને ઉત્તરના રાજ્યોમાં રવાના કરી દીધા હતા.બીજી તરફ, બાઈડન સરકારના લેટેસ્ટ બોર્ડર પ્લાનમાં ગેરકાયદે માઈગ્રન્ટ્સ પર સખ્તી વધારવા પર ખાસ ધ્યાન અપાયુંછે. જેમાં શરણાગતિ માગ્યા સિવાય અને કાયદાનો ભંગ કરી બીજા કોઈ દેશમાં થઈને ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરનારા લોકોને શરણાગતિ ના આપવા તેમજ તેમને ડિટેઈન કરી ઝડપથી ડિપોર્ટ કરી દેવા જેવા પગલાંનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અમેરિકાની સરકારે લેટિન અમેરિકન દેશોમાં પણ માઈગ્રન્ટ પ્રોસેસિંગ સેન્ટર્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. જેનાથી લોકોને અમેરિકા-મેક્સિકો બોર્ડર સુધી પહોંચતા અટકાવી શકાશે, અને તેમને વચ્ચેના દેશોમાંથી જ ડિપોર્ટ કરાશે. શરૂઆતના તબક્કમાં આવા સેન્ટર્સ કોલમ્બિયા અને ગ્વાન્ટેમાલામાં બનાવવામાં આવશે, અને તેનો વ્યાપ આગળ જતાં વધારવામાં આવશે. આ સેન્ટર્સ પર મહિને પાંચથી છ હજાર જેટલા માઈગ્રન્ટ્સને પ્રોસેસ કરાશે.જોકે, હાલ સ્થિતિ એ છે કે ટાઈટલ ૪૨ની માન્યતા પૂરી થાય તે પહેલા જ મેક્સિકો બોર્ડર પરથી થતી ઘૂસણખોરીમાં જંગી વધારો થયો છે. અમેરિકન ન્યૂઝ ચેનલ સીબીએસના રિપોર્ટ અનુસાર, મંગળવારે ૭૫૦૦ લોકોએ બોર્ડર ક્રોસ કરી હતી. અમેરિકન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર સરકાર બાળકો સાથે આવતા માઈગ્રન્ટ્સને ડિટેન્શન સેન્ટરમાં રાખવાનું વિચારી શકે છે. ટ્રમ્પના શાસનમાં આ નીતિ ટીકાનો ભોગ બની હતી, જેને બાઈડને સત્તામાં આવતા ૨૦૨૧થી બંધ કરી દીધી હતી. જોકે, તેને ફરી અમલમાં મૂકવી કે કેમ તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો.

# સીએમ બઘેલને ફ્રાન્સની યુનિવર્સિટી દ્વારા ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી

(એ.આર.એલ),રાયપુર,તા.૩૦ છત્તીસગઢના સીએમ ભૂપેશ બઘેલને ફ્રાન્સની યુનિવર્સિટી દ્વારા ડોક્ટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. વિશ્વ વિખ્યાત સોર્બોન યુનિવર્સિટીએ સીએમ ભૂપેહ બઘેલને સ્થાનિક સંસાધનોના મર્યાદિત અને ઉપયોગ સાથે છત્તીસગઢના ગ્રામીણ અર્થતંત્રને આગળ વધારવાની તેમની વિશેષ પહેલ માટે આ બિરુદ આપ્યું છે. સીએમ બઘેલ (સીએમ ભૂપેહ બઘેલ) આજે રાજધાની રાયપુરની હોટેલ સયાજી ખાતે ઓરોબિંદો ફાઉન્ડેશન દ્વારા આયોજિત સોર્બોન યુનિવર્સિટી ઓફ પેરિસ, ફ્રાન્સના 'ગ્લોબલ એવોર્ડ્સ ૨૦૨૩' કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક સુરેશ કુમાર, સોર્બોન યુનિવર્સિટીના પ્રોફેસર ડો.વિવેક, ઓરોબિંદો યોગ અને નોલેજ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડો.સમરેન્દ્ર ઘોષ, ડો.બી.કે. સ્થાપક, ડો.સંદીપ મારવાહ, ડો.વિનય અગ્રવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સીએમ ભૂપેશ બઘેલના પત્ની મુક્તેશ્વરી બઘેલ અને તેમના પરિવારના સભ્યોએ પણ ભાગ લીધો હતો.

કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી બઘેલ (સીએમ ભૂપેહ બઘેલ)એ જણાવ્યું હતું કે ફ્રાન્સની પ્રતિષ્ઠિત સોર્બોન યુનિવર્સિટીએ છત્તીસગઢ સરકારના વિકાસ કાર્યક્રમોની પ્રશંસા કરી છે અને આજે મને માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે, આ માટે ખૂબ ખૂબ આભાર. જ્યારે મેં કામ કરવાનું શરૂ કર્યું ત્યારે હું માત્ર સારું કામ કરવાનું ચાલુ રાખવા માંગતો હતો. તેણે કામ ચાલુ રાખ્યું અને તેનો રસ્તો શોધી કાઢ્યો. મને આ બિરુદ ચોક્કસ મળ્યું છે, પરંતુ તેની પાછળ મારા પરિવારના સભ્યોનો ફાળો છે. તે જનપ્રતિનિધિઓનું છે, તે અધિકારીઓ અને કર્મચારીઓનું છે. આ સન્માન છત્તીસગઢના તમામ મહેનતુ લોકોનું સન્માન છે જેમણે પોતાના શ્રમથી છત્તીસગઢને ઉભું કર્યું.સીએમએ વધુમાં કહ્યું કે આજે મારો પરિવાર પણ મારી સાથે છે. સૌથી સારી વાત એ છે કે મારો પૌત્ર પણ મારી સાથે છે. મારા ઘરમાં વિનોબાજીનું પુસ્તક છે. તેમાં તેમણે લખ્યું છે કે ભારતમાં મહાત્મા ગાંધી, રવીન્દ્ર નાથ, રામકૃષ્ણ પરમહંસ જેવી હસ્તીઓ રહી છે અને આપણી મનીષા બનાવવામાં તેમનું યોગદાન છે. શું શસ્ત્રો વિના લડવાની કલ્પના કરવી શક્ય છે, મહાત્મા ગાંધીએ તેને સાકાર કર્યું. અરબિંદોના યોગદાનને યાદ કરતાં તેમણે કહ્યું હતું કે જ્યારે તમે નિઃસ્વાર્થ ભાવનાથી કામ કરશો ત્યારે તમે દ્વેષ વિના કામ કરશો. જેઓ નૈતિકતાને પ્રાધાન્ય આપે છે. તેઓ પૈસાથી ભાગી જાય છે. શ્રી માએ કહ્યું કે નૈતિક લોકોએ સંપત્તિથી શરમાવું જોઈએ નહીં. જો તેમના હાથમાં પૈસા હશે, તો તેઓ તેનો અર્થપૂર્ણ ઉપયોગ કરશે.

NEWS OF GANDHINAGAR_P-3



સેવા ગ્રુપ્ર દ્વારા જીવરાજ પાર્ક વેજલપુર રોડ કૃષ્ણ સાગર સોસાયટી પાસે આજરોજ અસહ્ય ગરમી મા રાહદારી ઓ માટે દર વર્ષ ની જેમ આવષે પણ અવિરત છાસ વિતરણ કરવા મા આવ્યુ આ કાર્યક્રમ મા સેવા ગુપ્ર ના સભ્યો મ્યુનિસિપલ કાઉન્સિલર દિલીપ બગડીયા તેમજ વિસ્તાર ના લોકો  હાજર રહ્યા હતા.

# અમરેલી-રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, નદીમાં પૂર આવતાં ટ્રક તણાયો

ગુજરાત રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદના સમાચાર સામે આવી રહ્યા છે. એવામાં હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલી વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો છે. રાજુલાના ગ્રામ્ય વિસ્તારમા પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે. બાબરીધાર બર્બટાણા વિસ્તારમાં ૩ ઈંચ કરતા વધુ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ છે. બાબરીયાધારની ધીયળ નદીમાં પૂર આવ્યું છે. ધસમસતા પ્રવાહ વચ્ચે પાણી આવતા ટ્રક તણાયો છે. ઘટનાના જાણ થતા જી.આર.ડી જવાનો દ્વારા ૫ માણસોને નદીમાંથી રેસ્ક્યુ કરી બચાવી લેવામાં આવ્યા છે.ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી પ્રમાણે કચ્છ, અંજાર, ભુજના વિસ્તારમાં સતત પાંચમાં દિવસે કમોસમી વરસાદ નોંધાયો છે. અમરેલીના કાગદડીમાં ભારે પવન અને કરા સાથે વરસાદ વરસતા ઉનાળું પાકને લઈને ખેડૂતો ચિંતિત બન્યા છે. હાલ કેરીનો પાક ઉતારવાનો સમય છે, ત્યારે કમોસમી વરસાદથી કારીનો પાક નિષ્ફળ જવાની ખેડૂતોને ભીતિ સેવાઈ રહી છે. રાજ્યમાં આગામી ત્રણ દિવસ હજુ વરસાદી વાતાવરણ રહેશે.



માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો વિશ્વનો સૌથી લોકપ્રિય 'મન કી બાત'નો ૧૦૦મો એપિસોડ યોજાયો. આ એપિસોડ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબ સમાજના અગ્રણીઓ તેમજ કાર્યકર્તાઓ સાથે કેશવપુરા (વિરમગામ) ખાતે નિહાળીને ઐતિહાસિક પળના સાક્ષી બન્યા. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું કે મોદી સાહેબે મન કી બાત થકી સામાન્ય જનતાને એક વિશેષ મંચ આપ્યું છે તેમજ યુવાનોને ફરીથી રેડિયો સાથે જોડ્યાં છે.

# પંજાબમાં ફરીથી ખાલિસ્તાની ઝંડા લગાવવાનો અને ટ્રેન રોકવાનો દાવો કર્યો

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૩૦

ખાલિસ્તાની સમર્થક અને શીખ ફોર જસ્ટિસના ચીફ આતંકી ગુરપતવંત સિંહ પન્નુ સતત ભારત વિરોધી ગતિવિધિઓને લઈને વીડિયો જાહેર કરી રહ્યો છે. પન્નુએ આજે??ફરી એક નવો વિડિયો જાહેર કર્યો છે જેમાં તે લોકોને ફરીથી મનાવીને તેમને સમર્થન આપવાની માંગ ઉઠાવી રહ્યો છે. પન્નુએ દાવો કર્યો છે કે પંજાબમાં ફરી એકવાર ખાલિસ્તાની ઝંડા લગાવવામાં આવ્યા છે અને ટ્રેનને રોકી દેવામાં આવી છે.

આતંકવાદી પન્નુએ વીડિયોમાં કહ્યું કે ૨૯ એપ્રિલ ૧૯૮૬ના રોજ તત્કાલિન જથેદાર ગુરબચન સિંહ મનોચાહલે પંજાબને ખાલિસ્તાન બનાવવાની જાહેરાત કરી હતી. આ સભામાં ૧૦ લાખથી વધુ શીખો પહોંચ્યા હતા. આ જાહેરાત બાદથી અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ શીખોએ જીવ ગુમાવ્યા છે. આ દિવસની વર્ષગાંઠ પર ખાલિસ્તાન સમર્થકોએ અંબાલા-રાજપુરા માર્ગ પર ખાલિસ્તાની ઝંડા લગાવી દીધા છે. એટલું જ નહીં, ખાલિસ્તાની ઝંડા બતાવીને ટ્રેનોને રોકવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. આતંકવાદી પન્નુ સતત શીખોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે. હવે તે લોકો સાથે રેફરન્ડમ ૨૦૨૦માં ભાગ લેવા અને તેની સાથે ચાલવા માટે વાત કરી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે પંજાબમાં ખાલિસ્તાની નારા લખવા અને ઝંડા ફરકાવવાની ૨ ડઝનથી વધુ ઘટનાઓ બની છે, પરંતુ પન્નુનો એક પણ સાથી હજુ સુધી પકડાયો નથી.

# લુધિયાણામાં ગેસ લીકથી ૧૧નાં મોત, કેટલાય ગંભીર, આખો વિસ્તાર કરાયો સીલ



લુધિયાણાઃ પંજાબના લુધિયાણામાં રવિવારે સવારે એક દુર્ઘટના થઈ છે. એક રહેણાંક વિસ્તારમાં ફેક્ટરીમાં ગેસ લીક થવાના કારણે ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે અને કેટલાય લોકો બીમાર થયા છે. કેટલાય લોકો હજી પોતાના ઘરમાં છે પરંતુ તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. દસથી વધુ લોકોની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. પોલીસના કહેવા પ્રમાણે, ગેસ લીકમાં ૧૧ લોકોના મોત થયા છે અને કેટલાય લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. પોલીસે જણાવ્યું કે, આખા વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને સ્થાનિક લોકોને સુરક્ષિત સ્થાને જવા માટે કહી દેવાયું છે.મીડિયા રિપોર્ટમાં સૂત્રોના હવાલેથી ટાંકવામાં આવ્યું છે કે, શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ કરનારા ૧૦ લોકોની હાલત ગંભીર છે. ઘટનાના પીડિતોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. કેટલાક લોકોએ તો જીવ બચાવવા માટે પોતાના ઘર પણ છોડી દીધા છે. આ તરફ લુધિયાણાની જીર્ણ સિવિલ હોસ્પિટલના ડૉક્ટર અમરજીત કૌરના જણાવ્યા અનુસાર, ગેસ લીકમાં ૧૧ લોકો મોતને ભેટ્યા છે અને બેની સારવાર ચાલી રહી છે. કયા પ્રકારનો ગેસ લીક થયો છે તેની માહિતી સામે આવી નથી. મૃત્યુઆંકનો ચોક્કસ આંકડો ફાઈનલ રિપોર્ટ તૈયાર થયા પછી જ ખબર પડશે.લુધિયાણા વેસ્ટના એસડીએમ સ્વાતિએ જણાવ્યું કે, આ નિશ્ચિતપણે ગેસ લીકનો મામલો છે. દ્રઢ્ઢઈલ્લની ટીમ લોકોને બહાર કાઢવા માટે ઘટનાસ્થળે હાજર છે અને બચાવ અભિયાન ચાલી રહ્યું છે. આ ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે અને ૧૦ લોકોની હાલત ખરાબ છે.ગેસ લીકની ઘટના સવારે લગભગ ૭ વાગ્યાની આસપાસ બની હતી. એકાએક લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. કેટલાક લોકોને તો ઊલટી થવા લાગી હતી. ખરાબ વાસ આવતાં લોકોએ મોં અને નાક ઢાંકી દીધા હતા. સ્થાનિકોએ પોલીસ અને ફાયરબ્રિગેડને બોલાવતા તેઓ તાત્કાલિક દોડી આવ્યા હતા. શરૂઆતમાં આશંકા હતી કે, એમસીની ગટરોમાંથી થઈ રહ્યો છે પરંતુ પ્રશાસન દ્વારા આ વાત નકારવામાં આવી હતી. ગેસ લીકનું કારણ શોધવા હાલ તપાસ ચાલી રહી છે.

# અંબાલામાં ૨૫૦ રૂપિયા માટે બે મિત્રો બન્યા એકબીજાના દુશ્મન, ઉગ્ર બોલાચાલી થઈ, એકનું મોત

(એ.આર.એલ),અંબાલાસ,તા.૩૦

શહેરમાં સાથે રહેતા બે મિત્રો ૨૫૦ રૂપિયા માટે દુશ્મન બની ગયા. રાહુલ નામના વ્યક્તિએ રોબિનને માથામાં જોરથી માર માર્યો હતો અને માથામાં ગંભીર ઈજાને કારણે રોબિનનું મોત થયું હતું. મૃતક રોબિનની પત્નીની ફરિયાદના આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. હાલ પોલીસ આ કેસની તપાસમાં લાગેલી છે. જે બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જણાવી દઈએ કે અંબાલા કેન્ટમાં ૨૫૦ રૂપિયા માટે રોબિન નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. રોબિન બજારમાં જઈ રહ્યો હતો ત્યારે રાહુલ નામના વ્યક્તિએ તેની પર ૨૫૦ રૂપિયા માટે મારપીટ કરી હતી. અંદર લોહી વહી જવાને કારણે માથામાં ગંભીર ઈજાઓ થવાથી રોબિનનું મૃત્યુ થયું હતું. તે જ સમયે પીજીઆઇ ચંદીગઢના ડૉક્ટરોએ ઓપરેશન કરવાનું કહ્યું, પરંતુ પૈસાની અછતને કારણે મહિલા તેના પતિને ઘરે પરત લાવી. જ્યાં સુધી પૈસાની વ્યવસ્થા ન થઈ ત્યાં સુધી તે હળદરનું દૂધ પીવડાવતી રહી. મહિલાએ કહ્યું કે તે તેના પતિની સારવાર માટે લોકોને મદદ માટે વિનંતી કરતી રહી, પરંતુ કોઈએ મદદ ન કરી. તેની નજર સામે પતિ વેદનામાં મૃત્યુ પામ્યો. મામલાની માહિતી આપતા એસએચઓનરેશ કુમારે કહ્યું કે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મામલાની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. જે બાદ કાર્યવાહી કરવામાં આવશે.

# સુદાનમાં ફસાયેલા ભારતીયો માટે ફરિશ્તા બન્યો આ મુસ્લિમ દેશ, વિદેશ મંત્રીએ માન્યો આભાર

સુદાનમાં ગૃહયુદ્ધ છેડાઈ ગયું છે. અહીં દિવસેને દિવસે સ્થિતિ બગડતી જઈ રહી છે. સોમવારે દેશમાં આગામી ૭૨ કલાક માટે યુદ્ધવિરામ થયું છે. આ દરમિયાન અહીંથી ભારતે પોતાના નાગરિકોને બહાર કાઢવા માટે ઓપરેશન કાવેરી લોન્ચ કરી દીધું છે. સુદાનમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવામાં સાઉદી અરેબિયાએ મહત્વની ભૂમિકા નિભાવી છે. જેના માટે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે સાઉદી અરેબિયાનો આભાર માન્યો છે.ફરી એકવખત મુસ્લિમ દેશ સાઉદી અરેબિયા ભારતનું સાચું મિત્ર બનીને સામે આવ્યું છે. ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે પણ એક ટ્વિટ કરીને આ વાતની પુષ્ટિ કરી છે. જયશંકરે પોતાના સાઉદી સમકક્ષ ફૈસલ બિન ફરહાનનો આભાર માન્યો છે.વિદેશ મંત્રી જયશંકરે પોતાની ટ્વીટમાં લખ્યું છે કે, 'હું સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી ફૈસલ બિન ફરહાન અને સાઉદી ઓથોરિટીઝના પૂર્ણ સહકાર માટે તેમનો આભાર માનું છું.' ગત એક સપ્તાહમાં સાઉદી અરેબિયાએ ૬૨ દેશોના ૨૦૦૦થી વધુ લોકોને સુદાનમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા છે. હવે આ દેશ વિદેશી નાગરિકો માટે પણ આગળની મુસાફરીનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે.સુદાન સંકટમાં સાઉદી અરેબિયા એક પ્રભાવી દેશ બનીને ઉભર્યો છે. ભારતના ઓપરેશન કાવેરી અંતર્ગત સુદાનમાં ફસાયેલા ત્રણ હજાર ભારતીયોને સુરક્ષિત કાઢવાનું કામ ચાલી રહ્યું છે. ભારત તરફથી નૌકાદળના બે જહાજ આઈએનએસ સુમેધા અને આઈએનએસ તેગને તૈનાત કરી દેવાયા છે. જેદ્દામાં આ જહાજો ઉપરાંત ભારતીય વાયુસેનાના બે સી-૧૩૦જે ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ પણ તૈયાર છે.ભારતના વિદેશ મંત્રાલય તરફથી કહેવાયું છે કે, અત્યાર સુધીમાં સુદાનથી ૫૦૦થી વધુ ભારતીયોને બહાર કઢાયા છે. સાઉદી અરેબિયામાં તૈનાત રહેલા ભારતના પૂર્વ રાજદૂત તલમીઝ અહમદે જણાવ્યું કે, સાઉદી અરેબિયા રેડ સી પર સ્થિત એક સ્ટ્રેટેજિક જગ્યા છે અને એટલે બધા દેશોને રાહત કાર્ય માટે તેની મદદની જરૂર પડે છે.પોર્ટ સુદાનથી જેદ્દા સુધીનો દરિયાઈ માર્ગ સુદાન અને પૂર્વ આફ્રિકાથી આવતા મુસ્લિમ તીર્થયાત્રીઓ માટે ઐતિહાસિક રીતે એક લોકપ્રિય રસ્તો રહ્યો છે. એવામાં તેની સાથે ઈતિહાસ આપોઆપ જોડાયેલો છે. અહમદે જણાવ્યું કે, વર્તમાન સ્થિતિઓએ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરી દીધા છે.અહમદે ન્યૂઝ એજન્સી સ્પૂતનિકને જણાવ્યું કે, સાઉદી અરેબિયાનો સુદાન સશસ્ત્ર દળો (SAF) અને રેપિડ સપોર્ટ ફોર્સીઝ (RSF) પર સારો એવો પ્રભાવ છે. આ દેશએ સુદાનના પૂર્વ નેતા ઉમર અલ-બશીરના વર્ષ ૨૦૧૯માં થયેલા તખ્તાપલટ દરમિયાન બંને દળોનું સમર્થન કર્યું હતું. ભારત તરફથી કહેવાયું છે કે, તે સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે સુદાનમાં પોતાના રાહત પ્રયાસોમાં સહકાર આપી રહ્યું છે. પૂર્વ ભારતીય રાજદ્વારીએ કહ્યું કે, 'સાઉદી અરેબિયા અને યુએઈ વર્ષ ૨૦૧૯થી જ સુદાનમાં સૈન્ય સહકારના પ્રમુખ સંસ્થાપકોમાં સામેલ રહ્યા છે.'

# ગજેન્દ્ર સિંહ ગમે ત્યારે જેલમાં જઈ શકે છે : અશોક ગહલોત

(એ.આર.એલ),જયપુર,તા.૩૦

કેન્દ્રીય જલ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે મુખ્યમંત્રી અશોક ગેહલોતને ×રાજસ્થાનના રાજકારણનો રાવણ× કહ્યા પછી, ગેહલોતે વળતો પ્રહાર કરતા કહ્યું કે સિંહ ×સંજીવની કૌભાંડમાં ટૂંક સમયમાં જેલમાં જઈ શકે છે×. ગેહલોતે કહ્યું, ગજેન્દ્ર સિંહના મિત્રો જેલમાં બેઠા છે... તેઓ પણ ગમે ત્યારે જેલમાં જઈ શકે છે. સિંહ અને બીજેપીના અન્ય નેતાઓ હવે મારી સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. તે કહે છે કે અશોક ગેહલોત 'રાવણ' જેવા છે. પણ ભાઈ (સિંહ), તમે પૈસા લૂંટ્યા, તમારા મિત્રો જેલમાં છે. તમે ગમે ત્યારે જેલમાં પણ જઈ શકો છો, આવી સ્થિતિ છે. અશોક ગેહલોતે કહ્યું, ગજેન્દ્ર સિંહના મિત્રો જેલમાં બેઠા છે. તેઓ પણ ગમે ત્યારે જેલમાં જઈ શકે છે. ગજેન્દ્ર સિંહ શેખાવત અને બીજેપીના અન્ય નેતાઓ હવે મારી સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. તે કહે છે કે અશોક ગેહલોત 'રાવણ' જેવા છે. પણ ભાઈ ગજેન્દ્રસિંહ શેખાવત, તમે પૈસા લૂંટ્યા, તમારા મિત્રો જેલમાં છે. તમે ગમે ત્યારે જેલમાં જઈ શકો છો, આવી સ્થિતિ છે. ગેહલોતે એમ પણ કહ્યું કે શેખાવત કહે છે કે તે આરોપી નથી. તમે આરોપી નથી ત્યારે જામીન માટે હાઈકોર્ટમાં કેમ ગયા? આ પહેલા ગુરુવારે શેખાવતે ચિત્તોડગઢમાં રેલી દરમિયાન ગેહલોત અને રાજસ્થાનની કોંગ્રેસ સરકાર પર જોરદાર નિશાન સાધ્યું હતું. સિંહે પોતાના ભાષણના અંતે કહ્યું હતું કે, જો તમે રાજસ્થાનના રાજકારણના રાવણ અશોક ગેહલોતના શાસનને ખતમ કરવા માંગતા હોવ તો હાથ ઉંચા કરો. રાજસ્થાનમાં 'રામ રાજ્ય'ની સ્થાપના માટે સંકલ્પ લો. પોતાના ભાષણ દરમિયાન તેમણે પેપર લીક અને ભ્રષ્ટાચાર મુદ્દે સરકારને ઘેરી હતી અને કહ્યું હતું કે જ્યારે ભાજપની સરકાર આવશે ત્યારે સીબીઆઈ તપાસ થશે.

# કેટલાક નેતાઓ સચિન પાયલટને સાઈડલાઈન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે: કોંગ્રેસના ધારાસભ્ય સોલંકીનો આરોપ


(એ.આર.એલ),જયપુર,તા.૩૦

કોંગ્રેસના નેતા સચિન પાયલોટ જૂથના ધારાસભ્ય વેદ પ્રકાશ સોલંકીએ દાવો કર્યો હતો કે કેટલાક નેતાઓ પાયલટને સાઈડલાઈન કરવા ઈચ્છે છે, પરંતુ આમ કરવાથી કોંગ્રેસ માટે રાજ્યમાં સત્તામાં પરત આવવું શક્ય નથી. પત્રકારો સાથે વાત કરતા સોલંકીએ કોઈનું નામ લીધા વગર કહ્યું હતું કે, 'કેટલાક નેતાઓ પાયલટને સાઈડલાઈન કરવા ઈચ્છે છે, પરંતુ સાઈડલાઈન કરીને સત્તામાં પાછા ફરવું શક્ય નથી.'

તેમણે કહ્યું, "જુઓ, મોટા નેતાઓમાં આ ચર્ચા ચાલી રહી છે કે પાયલટને કેવી રીતે સાઈડલાઈન કરવું૫ પાઈલટ સાહેબ પાર્ટીને બિલકુલ નહીં છોડે૫ તેઓ પાર્ટીમાં જ રહેશે૫ તેમની પાર્ટી પ્રત્યે વફાદારી છે૫ તેઓ આમ કહી શકે છે. કેટલાક નેતાઓ ગમે તેમ કરીને તેમને સાઈડલાઈન કરવા માગે છે, પરંતુ આમ કરીને સત્તામાં પાછા આવવું શક્ય નથી. સાથે મળીને પ્રયાસ કરીશું નહીં.. (કંઈ થઈ શકશે નહીં). સત્તા (કોંગ્રેસની) સામૂહિક પ્રયાસથી જ આવી શકે છે.

ચક્ષુ કોંગ્રેસના ધારાસભ્ય સોલંકીએ જણાવ્યું હતું કે, ×જે લોકો સરકાર બનાવી શકે છે અને જેમના ચહેરા પર વોટ મળે છે, એવા લોકોને આગળ લાવવા જોઈએ.. એવા લોકોને જનતાની સામે રજૂ કરવા જોઈએ અને જ્યાં સુધી તેઓ આગળ ન આવે ત્યાં સુધી જનતા પણ. બધું જાણે છે૫ તે જાહેર છે૫ તે બધું જ જાણે છે. નોંધનીય છે કે સોલંકી પાયલોટના વફાદાર છે અને ૨૦૨૦ની રાજકીય કટોકટીમાં ગેહલોત સામે બળવો કરનાર ધારાસભ્યોમાંના એક હતા.

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથી એ સ્મરણાંજલી



સ્વ.શિવલાલ કાનજીભાઈ ચોટલીયા

(તા. ૩૦-૦૪-૨૦૨૧, ચૈત્ર વદ ચોથ ને શુક્રવાર)

સ્નેહ ના સાગર સમાન હર કોઇને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા,મુખ પર મધુર સ્મિત,અંતરમાં ઉર્મિ અને સૌમ્ય સ્વભાવવાળા આપનાં દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના...

લી.
ગં.સ્વ.હંસાબેન શિવલાલ ચોટલીયા

કમલેશભાઈ ચોટલીયા    સંગીતાબેન ચોટલીયા
હિતાંશુ ચોટલીયા    તનિષા ચોટલીયા
નેન્સી રક્ષિત ટાંક



ગાંધીનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની અંદર ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત એસ્ટેટ શાખાની ટીમ દ્વારા આજે શહેરના સેક્ટર – ૨૧ના શોપિંગ સેન્ટરની આસપાસ દબાણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાં ફૂટપાથ પર ઊભી રહેતી ફ્રુટ- શાકભાજી તેમજ ફૂલની લારીઓના કારણે વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરશ્રીની સીધી દેખરેખ હેઠળ આ વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા.  એસ્ટેટની ટીમ દ્વારા ૧૬ - ઘાસ ના રોલ, ૮- લારી, ૪ - કેબિન, ૪ - સ્ટૂલ, ૪ - ટેબલ જપ્ત કરવામાં આવ્યા હતા.

NEWS OF GANDHINAGAR_P-4

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.